# જ્ઞાતિમૈયા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૪૮ • તા. ૮ ફેબ્રુઆરી થી ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.







## મૂક બધિર હોવા છતાં કૌશલ્ય થકી પરિવારનો આધાર સ્તંભ બની છે

# કવિતા ખોના

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# બી પોઝિટીવ : હકારાત્મક વલણ અપનાવો

ઘણા વક્તાઓ, ચિંતકો અને સંતમહાત્માઓ શ્રોતાઓને તેમના પ્રવચનમાં હકારાત્મક વલણ ધરાવવાની શીખ આપે છે. પોઝિટીવ વલણ સકારાત્મક વિચાર પ્રવાહ ધરાવવાથી તેનું પરિણામ પણ પોઝિટિવ મળે છે. પોતાના માટે જ નહીં પણ અન્ય પ્રત્યે, સામે વાળાઓ માટે પણ હકારાત્મક વલણ રખવાથી બધું સારૂ થાય છે. જેટલો આપણો અભિગમ વિજ્ઞાનની કે મનની શક્તિઓ પર વિશ્વાસ ભર્યો હશે એ વિચારીને આપણા વલણ કે વિચારને કેળવીશું તો આપોઆપ આપણો અભિગમ પણ સકારાત્મક સાથે શુદ્ધ અને પારદર્શક ભર્યુ બનશે. એ પછી ગમે તેટલા દુ:ખ, કષ્ટ આવશે આપણું વલણ સકારાત્મક હોવાથી તેનું દર્દ શોક કે આઘાતનું વલણ આપણે ન અનુભવીશું. જેટલો અભિગમ કોઈ પરિસ્થિતિ લઈને હકારાત્મક હશે તેટલા આપણે આસાની અને કષ્ટ, યાતનાથી પીડાયા વગર, દુ:ખ ભોગવવાની લાગણી વગર આપણે એનો આસાનીથી સામનો કરી શકીશું.

કોઈ આપણી પ્રત્યે નકારાત્મક લાગણી ધરાવે, ટીકા ટિપ્પણી કરી લાગણી દુભાવે અથવા તો નિંદા-બદબોઈ કરી બીજાઓની સમક્ષ આપણી છબીને ધૂંધળી કરે. આપણું શું? એવું વલણ, એ વાતો તરફ ન જોવાના આપણા પ્રયત્નોથી તે વ્યક્તિ આખરે હતાશ થશે અને અંતે હારી આપણી તરફ આવવાની કોશિષ કરશે.

આપણા વિષે ખરાબ સાંભળી કોઈ વક્તા ભર્યા વાતાવરણથી આપણને જુએ તો 'કઈ નહીં આપણા વિષે સારૂ કે ખરાબ સાંભળ્યું તો છે ને ?' એવા ભાવ આપણને હળવો રાખશે. જેણે નકારાત્મકતા વાત પર ધ્યાન આપવા કરતાં હકારાત્મક વાત શોધી લીધી હશે. તે સહજતાપૂર્વક જીવન જીવી જશે. જેઓ નેગેટિવ વિચારનો બોજ મન અને મગજ પર લઈ રાખ્યો છે. તેઓ સતત તેની ચિંતા તાણમાં રમમાણ રહે છે અને અકળામણ અનુભવતા રહે છે. આમ મનોમસ્તિક પર નકારાત્મક વિચાર વલણ ધૂમરયા કરતા હોવાથી તે કશે સુખ-શાંતિ અનુભવી શકતા નથી. આખો દિવસ એ જ વસ્તુ એજ દિશા કે દર્શન મળતું નથી. આમ ઘાંચીના બળદની જેમ નકારાત્મક સોચને પકડીને એ ગોળ ગોળ ઘૂમ્યા કરે છે. છતાં ક્યાં પહોંચી શકતા નથી. મંઝિલ હાંસિલ કરી શક્તું નથી. સામે વાળી વ્યક્તિ આપણને અશાંતિ આપે તે આપણે અશાંત થઈ આપણું જીવન અસ્તવ્યસ્ત કરી દઈએ શા માટે ? માટે યોગ્ય રીતે સમજી વિચારીને ચેન્જ લાવીને વલણ બદલાવીને હકારાત્મક, સકારાત્મક બનીએ એ જરૂરી છે. માટે જ બીપોઝિટીવ.

– જય જ્ઞાતિમૈયા

# માનવ જીવનમાં સંસ્કારની મહત્તા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વ્યક્તિના જીવનમાં ત્રણ પડાવનું અધિક મહત્વ છે. જન્મ, લગ્ન અને મરણ. પરિવાર આ ત્રણે અવસરમાં પોતાના ગજા ઉપરાંતનો ખર્ચ કરવા પાછી પાની કરતું નથી. દંપતિના સૂના ઘરમાં સંતાનનું આગમન એ હર્ષ ખુશીનો અવસર છે. પુત્ર હોય કે પુત્રી સંતાન અવતરે એટલે સંબંધીઓ નવજાત બાળકને આવકારવા ઉત્સુકતા ધરાવે છે.

આ પછી લગ્નનો અવસર એ પણ મોકળા મનથી ઉજવણી કરવા માટેનો મોકો આપે છે. પુત્રી હોય તો તેને હરખભેર વિદાય આપવા અને પુત્ર હોય તો નવી વધૂને આવકારવાનો ઉમંગ સૌમાં અદકેરો હોય છે. જીંદગીમાં માત્ર એકવાર આવતો આ પ્રસંગને રંગેચંગે માણવા બંન્ને પક્ષ કોઈ કસર છોડતું નથી. ખમતીધર હોય તે લખલૂટ ખર્ચ કરીને અને સામાન્ય પરિસ્થિતિ ધરાવતો સામાન્ય જણ પોતાનાથી બનતું અને ક્યારેક કરજ કરીને પણ પોતાના સંતાનના જીવનમાં અણમોલ એવા અવસરને અદ્ભૂત અને અવિસ્મરણીય બનાવવા માટે કોઈ કસર બાકી રાખતા નથી.

અજાણી વ્યક્તિને પોતાના બનાવવાનું બંધન એટલે લગ્ન સંબંધ. લગ્ન સંબંધ બાંધતા પહેલાં કુંડલી મેચ કરાવવામાં આવતું હતું. જે હવે આવા મેળાપક જોવાનું ઓછું થયું છે. તો પણ એકબીજાના વિચારો, સન્માન, આદર સમર્પણના ગુણ બંન્નેના સુમેળ ભર્યા હોય તો લગ્ન સંબંધ દીર્ઘ જીવી બને. આજના સંમયમાં લગ્નજીવનને ટકાવી રાખવું ખૂબ અઘરું થતું જાય છે. યુવાનોમાં લગ્ન ન કરવાના કારણો પણ વધવા માંડ્યા છે. શરૂઆત મીઠા મધૂર લાગતો સંબંધ જો મન મેળના અવકાશ ન હોય તો સંબંધનો છોડ મૂરઝાવવા લાગે છે. આપણે આજુબાજુ જોઈએ છીએ ત્યારે જોવા મળે છે કે લગ્ન જીવન તૂટવાનું પ્રમાણ વધયું છે. આવું ન થાય. તે અટકાવવાની જવાબદારી આપણા બધાની છે.

લગ્ન એક એવું બંધન છે. જો સાચી લાગણીથી, વફાદારી અને સમર્પણ ભાવથી નિભાવવામાં આવે તો જીવન વધુને વધુ આનંદિત થતું જોવા મળે છે. પતિ-પત્ની બંન્ને સહાનુભૂતિ અને લાગણીની ભાવના કેળવે તો સંબંધ અતૂટ રહે છે.

છેલ્લો પડાવ એટલે મૃત્યુ. લેણાદેણીનો સંબંધ આ અવસર પૂરો કરે છે. સનાતની સંસ્કાર પ્રમાણે, પરંપરા મુજબ મૃત્યુના દસમા, બારમા અને તેરમા દિવસોએ બ્રાહ્મણોને જમાડવાની તેને યથાશક્તિ દાન આપીને મૃત્યુક સ્વજનનો મોક્ષ માર્ગ સરળ બને એ માન્યતા મોટો ખર્ચ કરાવે છે. હિંદુ ધર્મ સંસ્કૃતિ પ્રમાણે સોળ સંસ્કાર બતાવાયા છે. તે સર્વે બાળક ગર્ભમાં હોય ત્યાંથી લઈને મૃત્યુ પામે પરલોક ગમન કરે ત્યાં સુધીના વિવિધ સંસ્કારોનું મહત્વ છે. જેમાંનું છેલ્લું અને સોળમું સંસ્કાર અગ્નિ સંસ્કાર છે. જે જૈન ધર્મ પ્રમાણે અંતકર્મ સંસ્કાર પ્રાચીન સંસ્કૃતિ અને ધર્મના પ્રતિષ્ઠાપન માટે ધાર્મિક વિધિઓનું મહત્વ છે. સોળ સંસ્કારને ષોડશ સંસ્કાર કહેવામાં આવે છે. આ પંરપરા વૈદિક કાળથી ચાલી આવે છે. જેનો ઉદ્દેશ વ્યક્તિગત પ્રગતિ આધ્યાત્મિક વિકાસ અને સામાજિક સમન્યવ ભાવ મજબૂત કરવા માટે છે. માનવ જીવન સોળ સંસ્કારો વિના અધૂરું છે. જીવનમાં તમામ સંસ્કારોને આત્મસાત કરવા અને અંતિમ કાળે જીવને સંપૂર્ણ મોક્ષ મળે અને કોઈપણ પ્રકારનું ઋણ બાકી ન રહે એ એની પાછળની ભાવના છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

## 1st Jan - 30th June 2025

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

COMMERCIAL VEHICLE LOAN

SOLAR LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

GOLD LOAN

LOAN AGAINST PROPERTY

TRADE LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

KDO

# મૂક બધિર હોવા છતાં કૌશલ્ય થકી પરિવારનો આધાર સ્તંભ બની છે કવિતા ખોના





દિવ્યાંગ કે મૂકબધિર વ્યક્તિ પરિવાર પર બોજરૂપ બને છે એવી સામાન્ય છાપ છે, પણ કવિતા ખોના (શાહ) એમાંની નથી. એ મૂક બધિર છે, પણ પ્રતિભાશાળી છે. કલાકૌશલ્ય એનામાં ભરપૂર છે. ઘર પર બોજ બનવાનું તો બાજુએ રહ્યું એ તો પરિવારની પૂરી જવાબદારી સંભાળે છે. પરિવારનો તમામ દારોમદાર એના પર છે.

મૂળ કચ્છ સાંધવની કવિતા રામજી ખોના શાહ ડોમ્બિવલી (ઈસ્ટ)માં રહે છે. ઘરમાં વિધવા માતા સરલાબહેન અને એક બહેન રચના જે પણ મૂકબધિર છે. સાડી ફોલબિડિંગ-રસોડાનું કામ કરે, પણ કવિતા એક્સપર્ટ ટેલર છે, પેઈન્ટર છે, સારી કૂક છે. ઑનલાઈન કૂકિંગ કોમ્પિટીશનમાં પ્રાઈઝ જીત્યા છે. સીવણકામમાં એનું નામ છે એટલે સારું કમાય છે. બીજી બે બહેનો પરિણીત છે.

આજકાલ સાડીમાંથી ડિઝાઈનર કપડાં બનાવવાનો ટ્રેન્ડ ચાલે છે. કવિતા આવા કામમાં તો કુશળ છે. ઘરચોળા કે પટોળામાંથી ચણિયાચોળી બનાવવામાં એક્સપર્ટ છે. સાડીને ડિઝાઈનર લૂક આપે. સાડીમાંથી ચણિયાચોળી વિથ જેકેટ પણ બનાવે. એટલે લેટેસ્ટ ટ્રેન્ડની માહિર છે.

ભાંડુપથી એક લેડી ડોક્ટરે માપનું કપડું અને કાપડ કુરિયરથી મોકલ્યા. કવિતાએ ડોક્ટર સાથે ઓનલાઈન વાત કરી લીધી એ પછી જે ડિઝાઈનર પોશાક બનાવી આપ્યો એનાથી ડોક્ટર ખુશ થઈ ગઈ હતી. કોઈ કસ્ટમર કપડાંનો ફોટો લાવે એના પરથી પણ નવું ડિઝાઈનર લૂક કરી આપે.

કવિતાએ ટેલરિંગનો માત્ર બેઝિક કોર્સ કર્યો છે. પછી પોતાના દિમાગ અને કૌશલ્યથી આગળ વધી છે. પોતે બનાવેલા ડિઝાઈનર કપડાંની ઍડવર્ટાઈઝ અને માર્કેટિંગ પોતે જ કરે છે. ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર પોસ્ટ કરે છે. કસ્ટમર રૂબરૂ આવે ત્યારે કવિતાને કેમ સમજાવવું એની મૂંઝવણ રહેતી નથી.

કવિતા સંવેદનશીલ છે. ઘરમાં કોઈ માંદું પડે તો એની સારસંભાળ કવિતા રાખે. કવિતાનો જન્મ કોલકાતામાં થયો હતો. એના પિતા રામજીભાઈ ૨૦૧૪માં પરિવાર સાથે મુંબઈ આવ્યા હતા. એ બીમાર રહેતા તો કવિતા એમની પૂરી સંભાળ રાખતી. મોટીબહેન અર્ચના (મૂક બધિર) અને માતા પડી ગયા હતા. બંનેને પગમાં ફ્રેક્ચર થયું તો બંનેનું ધ્યાન કવિતા જ રાખતી.

કવિતાને કચ્છ પર લાગણી છે. દર બે મહિને વતનમાં જાય પોતાના ગામ સાંધવમાં પોતાના પૈસાથી ઘર બનાવ્યું છે. ત્યાં ત્રણે જણ રોકાય. ત્યાં પણ સીલાઈ મશીન રાખ્યા છે. કવિતા પેઈન્ટિંગ સારું કરે છે. દેરાસરમાં પેઈન્ટિંગ કરે. દિવાળી પર્વ ટાણે પોતાના ઘરના આંગણામાં રંગોળી અચુક કરે.

શારીરિક ખામી હોવા છતાં આટલું કલાકૌશલ્ય ક્યાંથી આવ્યું એવો કોઈ સવાલ પૂછે તો ઈશારાથી કહે ગુરૂકૃપા. કવિતા શ્રીમદ્ રાજચંદ્રને ગુરૂ માને છે.

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# માંડવીનું આપણી જ્ઞાતિનું શ્રી અજીતનાથજી જૈન જિનાલય



દરિયાને તીર એક મંદિર સોહામણું અજિત જિણંદ જયાં શોભતા રે લોલ, મૂર્તિ મનોહર કરુણાની ક્યારી ; જોતાં ભાવિક જન થોભતાં રે લોલ.

**ભૌગોલિક સ્થાન :** તાલુકો-માંડવી, જિલ્લો-કચ્છ. રાજ્ય-ગુજરાત

**જન સંખ્યા :** ક.દ.ઓ. ના ૧૨ ઘર છે.

**મૂળનાયક :** શ્રી અજિતનાથજીની ૨૧ ઉંચાઇ ધરાવતી પ્રતિમા

**અન્ય પ્રતિમા :** પાષાણ-૧૧, ધાતુ-૧૨, ચાંદી-૩

**પ્રતિષ્ઠા સાલ :** સંવત ૧૯૩૭, મહા સુદ-૫, ગુરુવાર તા. ૩-૨-૧૮૮૧

**નિર્માણ-પ્રતિષ્ઠા કર્તા :** શ્રી ઠાકરશી વેરશી પાસવીર (પીર) લોડાયા સુથરીવાલા.

**સામ્રાજ્ય :** પ.પૂ. આચાર્ય શ્રી વિવેક સાગરસૂરીશ્વરજી મ.સા.

**વહીવટી કર્તા :** શ્રી અજિતનાથજી જૈન દેરાસરજી.

**પોસ્ટ એડ્રેસ :** બંદર રોડ, માંડવી (કચ્છ.) પીન નં. ૩૭૦૪૬૫

**મોબાઈલ નંબર :** ૯૮૨૫૨૨૫૦૩૭-૯૮૭૯૫૬૩૦૩૭-૯૯૨૫૧૬૯૮૭૬

**મહોત્સવ :** સં. ૨૦૪૫ ના વૈશાખ સુદ-૬ ને બુધવાર
તા. ૧૦-૫-૧૯૮૯ થી વૈશાખ સુદ-૯ ને રવિવાર
તા. ૧૪-૫-૧૯૮૯ સુધી શતાબ્દી મહોત્સવ ઉજવાયો.

**અન્ય નોંધ :** માંડવી બંદરની શેઠ શ્રી નરશી નાથા જૈન ધર્મશાળા નિર્માણનો અનેરો પ્રસંગ, શ્રી કરમશી ખેતશી ખોનાની કલમે (દશાઇ જા દેરા પુસ્તકમાંથી સાભાર...)

શેઠ શ્રી નરશી નાથા કચ્છમાં પધારવાના હતા તે વખતે તેમના સામૈયામાં ગાડાનો રસાલો માંડવી આવી પહોંચેલો, એ વખતે માંડવી બંદરમાં આપણી ધર્મશાળા ન હોવાથી બંદર સામે અન્ય જ્ઞાતિની ધર્મશાળાનો મુખ્યત્વે ઉપયોગ થતો. એ

# માંડવીનું આપણી જ્ઞાતિનું શ્રી અજીતનાથજી જૈન જિનાલય

મુજબ શેઠ પણ અન્ય જ્ઞાતિની ધર્મશાળામાં ઉતરેલા. એ વખતે એ ધર્મશાળાનાં શેઠ પણ ત્યાં જ ઉતરેલા. ગાડાઓનો રસાલો જોઇને પ્રભાતે તે પૂછપરછ કરવા ત્યાં જાય છે, મુનીમ શેઠ નરશી નાથા વિશે તેમને જણાવે છે. એટલામાં જ મોટા શિંગડાવાળા એક બળદે તેને શિંગડું ઉગામ્યું, ત્યાં તો એ ધર્મશાળાના શેઠ ધૂંઆપૂંઆ થઇને ગર્જી ઉઠયા કે આટલા મોટા શેઠ હોય તો પોતાની ધર્મશાળા કેમ નથી બંધાવી લેતા ?

ત્યાં ગાડાની આડમાં જ દાતણ કરી રહેલા શેઠ નરશી નાથાએ એ વાત સાંભળી અને તેઓ બોલી ઉઠયા કે મેં તમારી વાત સાંભળી છે. હું દાતણ કરું છું અને હવે શિરામણ તો મારી ધર્મશાળા લઇને તેમાં જ કરીશ

શેઠ શ્રી નરશી નાથાએ બંદરની સામેની જગ્યા ધર્મશાળા માટે તરત જ ખરીદીને તેના જ ઓરડામાં સૌ એ મળીને રસોઇ રાંધી શિરામણ પાણી કર્યા, અને ત્યાર પછી જ નિરાંત અનુભવેલી. એમની ટેક દર્શાવતા આવા પ્રસંગો સાંભળીને કોને રોમાંચ ન થાય ?'' (દશાઇ જા દેરા પુસ્તકમાંથી સાભાર...)

**માંડવીના આપણી જ્ઞાતિના જિનાલયને આપણે ટકાવી રાખીએ**

માંડવીનું આપણું શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનું અજિતનાથ જિનાલય આપણી વસ્તી ત્યાં ઓછી હોવા છતાં દરિયા કિનારે આજે પણ અડીખમ ઉભું છે. દરરોજ ચાર-છ ભાગ્યશાળીઓ અહીં પૂજા કરવા આવે છે. શ્રી અજિતનાથપ્રભુજીની ચમત્કારિક પ્રતિમા છે. જેનાં દર્શન માત્રથી સુખ-શાંતિ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

આ દેરાસરજીની કોઇ આવક નથી. આ પણ આપણું જ જિનાલય છે. એને મજબૂત કરવાની ખાસ જરૂરત છે. સંસ્થા પાસે કોઇ ફંડ નથી. સાધારણ ખાતાને મજબૂત કરવાની ખાસ જરુરત છે. સૌ સમાજવાસીઓને કરબદ્ધ પ્રાર્થના છે કે આ જિનાલયનું સાધારણ ખાતું મજબૂત બનાવવા આગળ આવે. આવું સોહામણું સુંદર આપણું જિનાલય આજે પણ ઇતિહાસનો સાક્ષી રહ્યો છે. જિનાલયની વર્ષગાંઠ પણ દાતાશ્રીઓનાં સહયોગથી ઉજવાય છે ત્યારે આ જિનાલયને મજબૂત બનાવવા સાધારણ ખાતામાં યોગ્ય અનુદાન મળી રહે તેવી સૌને પ્રાર્થના છે.

કચ્છ જીલ્લાનાં માંડવી શહેરનાં બંદર રોડ ઉપર આવેલ શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનું શ્રી અજીતનાથજી પ્રભુજીનું જૈન દેરાસર કલાત્મક-સુંદરતા- અને ભવ્યાતાનાં દર્શન કરાવે છે.

આપણી જ્ઞાતિનાં માંડવી શહેરમાં ૧૨ ઘર છે. બધા જ પરિવારો દૂર-દૂરનાં વિસ્તારોમાં રહે છે ૧ પરિવાર દેરાસરજીનાં નજીકમાં રહે છે. આ દેરાસરને કાયમી ટકાવી રાખવા તથા સંચાલન વહીવટ માટે ફંડની જરુરત છે. જરૂરી કામો કરાવવા પણ ફંડ જરુરી છે. ત્યારે સૌ જ્ઞાતિજનોને વિનંતી છે. કે માંડવી અવવાનું થાય ત્યારે આ જિનાલયનાં દર્શને અવશ્ય પધારે તથા સાધારણ ખાતામાં અનુદાન આપી જિનાલયને કાયમી નભાવી-ટકાવી રાખવા આગળ આવે.

શ્રી અજિનાથજી જૈન દેરાસરજી - બંદર રોડ, માંડવી-કચ્છ પીન. ૩૭૦૪૬૫

મો. ૯૮૨૫૨૨૫૦૩૭-૯૮૭૯૫૬૩૦૩૭-૯૯૨૫૧૬૯૮૭૬

# ગુમ થયેલા ૩૧૫૫ લોકોને ભુજની માનવજ્યોત સંસ્થાએ શોધી આપ્યા

માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુલુન્ડની પ્રેરણાથી માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ભુજથી માત્ર ૭ કિ.મી. ના અંતરે પાલારા મધ્યે કચ્છમાં રસ્તે રઝળતા અને માર્ગોમાં પડ્યા-પાથર્યા રહેતા માનસિક દિવ્યાંગો માટે શ્રી રામદેવ સેવાશ્રમ વર્ષ ૨૦૧૭માં શરુ કરાયું.

માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઇનાં શ્રી કુલીનભાઇ લુઠીયા, માનવમિત્ર વલ્લભજીભાઇ શાહનાં માર્ગદર્શન હેઠળ માનવજ્યોત ભુજનાં શ્રી પ્રબોધ મુનવરની મહેનત થી ભુજ નજીક પાલારા-કચ્છ મધ્યે શ્રી રામદેવ સેવાશ્રમ રુપિયા બે કરોડનાં ખર્ચે નિર્માણ પામ્યું. આ સ્થળેથી કચ્છમાં રખડતા-ભટકતા ૧૮૯૫ માનસિક દિવ્યાંગો પોતાનાં રાજ્ય-શહેર-ગામ-પરિવાર સુધી પહોંચ્યા. ભારતનાં દરેક રાજ્યોમાં માનસિક દિવ્યાંગોને તેમનાં ઘર સુધી પહોંચાડાયા. પાંચ,દશ, પંદર, વીશ, પચ્ચીસ,ત્રીશ, પાંત્રીશ વર્ષો પછી પરિવારજનો સાથે તેમનું મિલન થયું.

# ગુમ થયેલા ૩૧૫૫ લોકોને ભુજની માનવજ્યોત સંસ્થાએ શોધી આપ્યા

૧૮૯૫ માનસિક દિવ્યાંગો ૪૬૮ વૃદ્ધ વડીલો, ૨૫૧ બાળકો અને ૫૪૧ યુવતીઓ-મહિલાઓ સહિત ભુજની માનવજ્યોત સંસ્થાને ૩૧૫૫ ગુમ થયેલા લોકોને શોધી આપી વર્ષો પછી પરિવારજનો સાથે તેમનું ફરી મિલન કરાવી આપ્યું.

માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા કચ્છમાં ૪૯ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આશ્રમ સ્થળે ૭૦ માનસિક દિવ્યાંગ ભાઇ-બહેનો રહે છે. તેમને ૩ ટાઇમ ભોજન કરાવવામાં આવે છે. ભુજમાં એકલા-અટુલા-નિરાધાર ૧૦૭ વૃદ્ધ વડીલોને દરરોજ ઘેર બેઠાં ટીફીન દ્વારા ભોજન પહોંચાડવામાં આવે છે. આમ દરરોજ ૩૦૦ જણાનું રસોડું છે.

માનવજ્યોત સંસ્થા ભુજની પ્રવૃત્તિઓ કચ્છભરમાં પહોંચી છે. આખા કચ્છમાં દર વર્ષે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓને પાણી પીવા ૪૦ હજાર કુંડાઓ લટકાવવામાં આવે છે. જેથી તરસ્યા પક્ષીઓને પીવા પાણી મળી રહે છે. તેમજ ચકલીઓને રહેવા ૪૦ હજાર ચકલીઘરો ઠેર-ઠેર લટકાવવામાં આવે છે. રુપકડું ચકલીઘર ચકલીઓ માટે સાચા અર્થમાં રહેવાનું ઘર બની ચુક્યું છે.

**ગુજરાતનાં ૩૫૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીઓએ ભુજની માનવજ્યોત સંસ્થામાં સામાજિક કાર્યકરની ટ્રેનીંગ મેળવી.**

ગુજરાતની વિદ્યાપીઠો, યુનિવર્સીટીઓ, કોલેજો, શાળાઓનાં આજ સુધી ૩૫૦ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભુજની માનવજ્યોત સંસ્થામાં રહી સામાજિક કાર્યકરની ટ્રેનીંગ મેળવી. ૩૦ થી ૪૫ દિવસ સુધી તેમને જુદી-જુદી પ્રવૃત્તિઓની ટ્રેનીંગ આપવામાં આવી. આ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ટ્રેનીંગ મેળવ્યા પછી વિવિધ સરકારી તેમજ સંસ્થાઓમાં સામાજિક કાર્યકરની નોકરીમાં જોડાઇ અને આખા ગુજરાતમાં માનવજ્યોતની પ્રવૃત્તિઓ પહોંચાડી રહ્યા છે.

**ભોજન સમારંભોની વધી પડેલી રસોઇ ગરીબોના ઝુંપડે**

માનવજ્યોત ભુજ દ્વારા લગ્નપ્રસંગે, શુભ પ્રસંગે, ધાર્મિક પ્રસંગે કે પ્રસંગોપાત વધી પડેલી રસોઇ જુદી-જુદી સમાજવાડીઓ, પાર્ટી પ્લોટ સ્થળેથી એકઠી કરી ગરીબોનાં ઝુંપડાઓ સુધી પહોંચાડવામાં આવે છે. દરરોજ બપોરે લગ્નવાડીઓમાંથી રસોઇ વધી પડ્યાનાં ફોન આવતા રહે છે. સંસ્થાનું વાહન વાસણો લઇ સમાજવાડી, પાર્ટી પ્લોટ સુધી પહોંચી જાય છે. ગરમા ગરમ વધી પડેલી રસોઇ લઇ આવે છે. આ રસોઇ ભૂંગા-ઝુંપડાઓમાં રહેતા ગરીબોને અને કાચા મકાનોમાં રહેતા જરૂરતમંદો અને શ્રમજીવીકો સુધી પહોંચાડવામાં આવે છે. આ વધી પડેલ રસોઇમાં ૧ વર્ષમાં અઢી લાખ લોકો ભરપેટ જમે છે. અન્નનો બગાડ અટકે છે. અને ગરીબોના પેટનો ખાડો પુરાય છે.

**ભુજ નજીક નિર્માણ પામી રહ્યું છે. વડીલોનો વિસામો, કામ અંતિમ તબક્કામાં... ચાર મહિનામાં ખુલ્લું મુકાશે. એકલા-અટુલા-નિરાધાર ૪૦ વૃદ્ધ-વડીલોનું બનશે આશ્રય સ્થાન**

માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઇની પ્રેરણાથી માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત 'શ્રી એમ.એલ.ભક્તા વડીલોનો વિસામો,, નું નિર્માણ કાર્ય અંતિમ તબક્કામાં છે. આગામી ચારેક મહિનામાં આ કાર્ય પૂરું થતાં ૪૦ એકલા-અટુલા-નિરાધાર વૃદ્ધ વડીલોનું આશ્રય સ્થાન બનશે.

મુખ્યપ્રવેશ દ્વાર, બેંકવેટ હોલ, મેડીકલ વોર્ડ, ઓફિસ, ઉપાશ્રય, લાયબ્રેરી, રસોડુ, ભોજનખંડ, પાણીની પરબનું બાંધકામ પૂર્ણ થયેલ છે. જયારે પ્રાર્થના હોલ તથા ૨૦ રુમોનું બાંધકામ પૂર્ણતાને આરે છે.


માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઇનાં શ્રી કુલીનભાઇ લુઠીયાનું માર્ગદર્શન અને માનવજ્યોત ભુજનાં પ્રબોધ મુનવરની મહેનતથી રુપિયા બે કરોડનાં ખર્ચે આ એમ.એલ.ભક્તા વડીલોનો વિસામો,, સંકુલનું કાર્ય પૂર્ણતાનાં આરે છે. આગામી એપ્રિલથી જુન વચ્ચે આ સંકુલ ખુલ્લું મુકાશે. અહીં વૃદ્ધ વડીલો માટે દરેક સવલતો ઉપલબ્ધ કરવામાં આવી છે.

ભુજથી માત્ર ૭ કિ.મી. નાં અંતરે પાલારા-કચ્છ મધ્યે આ સંકુલ આવેલું છે.

કચ્છમાં રસ્તે રઝળતા અને માર્ગોમાં પડ્યા પાથર્યા રહેતા માનસિક દિવ્યાંગોનાં શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છની સફળતા બાદ માનવજ્યોત-ભુજ દ્વારા કચ્છમાં આ બીજું સેવાશ્રમ એકલા-અટુલા-નિરાધાર વૃદ્ધ-વડીલો માટે શરૂ કરવામાં આવનાર છે.

સંપર્ક મો. ૯૯૨૫૧૬૯૮૭૬, ૦૨૮૩૨-૨૨૪૦૦૦

# ઉંચાઈ, ભવ્યતા, અને વિશાળતા ધરાવતું કોઠારાનું ઐતિહાસિક જૈન જિનાલય




## શ્રી કોઠારા જૈન દેરાસર (તા.અબડાસા)

નદી કિનારે, શોભતું 'કોઠારા' રૂડું ગામ,
જ્યાં શાંતિનાથ બિરાજતા, એને વંદન વારંવાર. -પ્રબોધ મુનવર

ઈતિહાસ : વાણિજ્ય ક્ષેત્રે અપ્રતિમ નામના અને સફળતા મેળવનાર જ્ઞાતિના મુકુટમણિ સમાન ત્રણ શ્રેષ્ઠીઓ શેઠ શ્રી  વેલજી માલુ, શેઠ શ્રી શીવજી નેણશી, શેઠ શ્રી કેશવજી નાયકએ કોઠારામાં ભવ્ય જિનપ્રાસાદ નિર્માણની યોજના તૈયાર કરી. અમદાવાદનાં પ્રખ્યાત જૈન મંદિરની શૈલીમાં કચ્છી કારીગરોને હાથે એ બંધાય એવી ગોઠવણ કરી. સાભરાઈના સલાટ નથુને સૂત્રધાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. કોઠારાના રાજકર્તા જાડેજા મોકાજીનું મન સંતોષીને માનભેર નકશો મંજૂર કરાવ્યો અને સેંકડો કારીગરોને રોકીને સં. ૧૯૧૪-૧૫માં નિર્માણકાર્ય શરૂ કરવામાં આવ્યું. શ્રી શિવજી નેણશી જાતે દેખરેખ રાખવા મુંબઈથી કચ્છ કોઠારા આવીને રહ્યા. એમની નાદુરસ્ત તબિયત છતાં સૂઝ-બુઝથી બેનમુન સ્થાપત્યનું નિર્માણ થયું. સં ૧૯૧૮માં કામ સંપૂર્ણ થયું. ત્રણે શ્રેષ્ઠીઓએ મુંબઈથી શત્રુંજયનો મોટો સંઘ કાઢયો, જેમાં ૧૧૦૨ ભાવિકોએ જોડાયા હતા. કોઠારામાં આઠ દિવસ ઉત્સવ મેળો ચાલ્યો. પ. પૂ. ગચ્છનાયક શ્રી રત્નસાગરસૂરિ. સમેત અનેક શ્રમણો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉંચાઈ, ભવ્યતા, અને વિશાળતા ધરાવતું કોઠારાનું ઐતિહાસિક જૈન જિનાલય

આ ભવ્ય કલાકૃતિઓથી સુશોભિત ગગનચુંબી જિનાલય બાંધવા પાછળ ત્રણેય શ્રેષ્ઠીવર્યોએ ૧૬ લાખ ખર્ચેલ છે. અને ૪00 માણસોએ ૪ વર્ષ સુધી કામ કરતા આ મંદિરનું કામ પૂર્ણ થયેલ. શ્રી પાંચુભાઈ તેજસી, શ્રી ત્રિકમજી વેલજી, શ્રી પદ્મશી વીરજી, શ્રી શામજી હેમરાજ, શ્રી પરબત લધા, શ્રી લાલજી મેઘજી વગેરેએ પણ કલ્યાણ ટૂંકના ગઢમાં દહેરાં બંધાવ્યાં.

બહોળા અને સાહસી વેપારથી થયેલા ધનના ઢગલાથી અંજાયા વગર કે મોહ રાખ્યા વગર ધનની અસારતા સમજતાં એનાથી નિર્લેપ રહીને, એના સદ્‌ઉપયોગથી કળામય સ્થાપત્યો અને ધર્મારાધના માટેના સ્થાનકો સ્થાપી પોતાની જન્મભૂમિને આભામય બનાવી જનાર આ શ્રેષ્ઠીઓ જ્ઞાતિ માટે પ્રેરણારૂપ છે.

સુવિધા : જૈન ભોજનશાળા, અતિથિગૃહ, મહાજનવાડી, આયંબિલ શાળા, ઉપાશ્રય, પાંજરાપોળ

મૂળનાયક : શ્રી શાંતિનાથજી ભગવાનની ૩૫'' ઊંચાઈ ધરાવતી પ્રતિમા અન્ય પ્રતિમા : પાષાણ - ૧૫૩, ચાંદી - ૭૫, સિદ્ધચક્ર - ૮૯.

પ્રતિષ્ઠા સાલ-તારીખ : સંવત ૧૯૧૮ મહા સુદ-૧૩, બુધવાર તા. ૧૨.૨.૧૮૬૨ નિર્માણ-પ્રતિષ્ઠા કર્તા :

૧) શેઠ શ્રી વેલજી માલુ લોડાયા

૨) શેઠ શ્રી શીવજી નેણસી લોડાયા

૩) શેઠ શ્રી કેશવજી નાયક દંડ.

સામ્રાજ્ય : પ.પૂ. અચલગચ્છાધિપતિ આ. શ્રી. રત્નસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

કલા અને સૌંદર્ય : ગામના મધ્યભાગે આવેલા બજારમાં જાણે એક મોટો પહાડ ખડો કર્યો હોય એવી ઘટ્ટ બાંધણીનું આ જૈન દેરાસર આખાયે દેશમાં વિશાળતા અને ભવ્યતામાં અજોડ છે. પર્વતની શિખરમાળા જેવું દૃશ્ય ખડું કરાવતાં એનાં ઉપરનાં બાર ઉન્નત શિખરો દૂરથી યાત્રિકોનું મન હરી લે છે. મંદિરની લંબાઈ-પહોળાઈ ૭૮ ડ ૬૪ ફીટની છે, ઊંચાઈ ૭૪ ફીટની છે. કાચની અપ્રતિમ કારીગરીથી સાત ગંભારાવાળુ આ દેરાસર પ્રેક્ષણીય બન્યું છે. જિનાલયોના આ ઝૂમખાનાને 'કલ્યાણ ટૂંક' કહેવાય છે. આબુમાં આવેલા દેરાણી જેઠાણીના ગોખલાની આબેહૂબ નકલ અહીં જોવા મળે છે. શિલ્પકામ તેમજ કોતરકામ ખૂબ જ પ્રશંસનીય છે. દેરાસરનો અંદાજે ૨00 કિલો વજનનો ઘંટ કચ્છભરમાં ક્યાંયે જોવા નહીં મળે. દેરાસરને ફરતો પાંચ બૂરજોવાળો નાનો ગઢ છે.

મહોત્સવ : સને ૧૯૬૫ સં. ૨૦૨૧ ના જેઠ વદ ૧૦ ના દિને જિનાલયનો શતાબ્દી મહોત્સવ શ્રી સંઘે ઉજવ્યો.

જિર્ણોધ્ધાર : સં. ૨00૪ માં શ્રાવણ સુદ ૧૫ ને ગુરુવારે તા. ૧૯.૮.૪૮ ના જિનાલયની ધ્વજદંડ પ્રતિષ્ઠા થઈ. શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તરફથી જિનાલયનો જિર્ણોધ્ધાર થયો.

વહીવટ કર્તા : શ્રી શાંતિનાથજી મહારાજ જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટ કોઠારા-કચ્છ. તા. અબડાસા

પોસ્ટનું સરનામું : કોઠારા, તાલુકો- અબડાસા, જિલ્લો - કચ્છ, રાજય, ગુજરાત, પીન કોડ નં. ૩૭૦ ૬૪૫

મોબાઇલ નંબર : ૯૭૧૨૦૮૨૨૩૫, ટ્રસ્ટ રજી. નંબર : A - ૯૯૯ (કચ્છ)

૧) શ્રી નલીનભાઇ કેશવજી અજાણી, ૧૩૭, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪00 00૯. મો. ૯૮૨00 ૪૩૬૪૫

વિશેષ નોંધ : ૧) કચ્છ-પાલણપુર મહીકાંઠા વિષયક બોમ્બે ગેઝેટિયર પુસ્તક ૫ માં આ જિનાલયનો વિશિષ્ટ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૨) 'આર્કિઓલોજીકલ સર્વે ઓફ વેસ્ટર્ન ઇન્ડીયા' ના કચ્છ વિષયક ડો. બર્જેસનાં માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ અહેવાલમાં આ મંદિરનો શિલાલેખ તેના નકશાઓ ઇત્યાદિ સાથે જિનાલયનાં સ્થાપત્ય વિશે, તેના વિદ્વાન સંપાદક શ્રી દલપતરામ પ્રાણજીવન ખખ્ખરે સુંદર પ્રકાશ પાડેલ છે.

# ઉંચાઈ, ભવ્યતા, અને વિશાળતા ધરાવતું કોઠારાનું ઐતિહાસિક જૈન જિનાલય

(૩) આ ગામના વતની અને આ દેરાસરમાં અમૂલ્ય આર્થિક ફાળો આપનાર શ્રી કેશવજી નાયકે શંત્રુજયગિરિ ઉપર એક ટૂંકનું નિર્માણ કરેલ છે. જે આજે પણ કેશવજી નાયકની ટૂંકના નામે ઓળખાણ છે. 'જૈન તીર્થ સર્વે સંગ્રહ' માં (ભાગ ૧, ખંડ, પૃષ્ઠ-૧૪૪) આ વિષે ઉલ્લેખ કરતાં નોધ્યું છે કે શેઠ શ્રી કેશવજી નાયકે આવા મંદિરો બંધાવી પોતાની અનુપમ શ્રદ્ધાનો દાખલો બેસાડયો છે અને અનેક સખાવતો કરી શેઠ જગડુશાના પગલે દાનવીર તરીકેની ખ્યાતિ પણ પ્રાપ્ત કરી.

(દશાઇ જા દેરા પુસ્તકમાંથી સાભાર....)

**કોઠારાનું ગગનચુંબી ભવ્ય જિનાલય આજે પણ**
**ઈતિહાસનો સાક્ષી બની અડીખમ ઉભો છે.**

જિનાલય બંધાવનાર શ્રેષ્ઠીવર્યોશ્રીએ ઐતિહાસિક જિનાલય બંધાવી કોઠારાને અર્પણ કર્યું. આ જિનાલયનું શિલ્પકામ જગવિખ્યાત છે. જેથી દૂર-દૂરથી યાત્રિકો કોઠારા ગામે પધારી જનાલય જોઇ મંત્રમુગ્ધ બની જાય છે. જિનાલયની બાંધણી-ઝીણામાં ઝીણું શિલ્પકામ, ભવ્યતા અને વિશાળતા યાત્રિકોનું મનહરી લે છે.

વૃદ્ધ અને વડીલો જિનાલયનાં પગથિયા ચડવામાં અસમર્થ હોય, પગથીયા નચડી શકે તેવા વડીલજનો નીચે ઉભી જુના ઉપાશ્રયના ગોખલામાંથી પ્રભુજીનાં મુખનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે. ... વિચારજો કેટલી સુંદર વ્યવસ્થા. વૃદ્ધ વડીલો પણ પ્રભુજીનું મુખ જોઇ શકે દર્શન કરી શકે.

અહીં વિશાળ અતિથિગૃહ તથા કાયમી ભોજનશાળા યાત્રિકોને આવકારવા તત્પર હોય છે. એસી રુમો સહિતની સુંદર ઉતારા વ્યવસ્થા અને સ્વાદિષ્ટ જૈન ભોજન કરાવતી ભોજનશાળાનાં કારણે અહીં યાત્રિકોની સતત ભારે અવર-જવર રહે છે. જિનાલયની વર્ષ ગાંઠ દર વર્ષે ધાર્મિક આરાધનાઓ સાથે ઉજવાય છે. આવું ભવ્ય જિનાલય... ઐતિહાસિક જિનાલય અને શાંતિ આપનારા શાંતિનાથ પ્રભુજી જયાં બિરાજે છે, તેવા કોઠારા તીર્થે કોઠારા ગામવાસીઓ જ્યાં પણ વસતા હોય ત્યાંથી જિનાલયની વર્ષગાંઠે તથા પર્યુષણ મહાપર્વે માદરે વતન પધારવું જોઇએ. શાંતિ જોઇએ છીએ... તો શાંતિ અપનારા શાંતિનાથ દાદા છે. દરેક કોઠારા ગામવાસીઓએ વર્ષમાં બે પ્રસંગોએ કોઠારા અચૂક આવવું જોઇએ. આપણા શ્રેષ્ઠી વર્યો આપણાં માટે ઘણું બધું કરી અને ઘણું બધું મૂકી ગયા છે, એને ટકાવવું - નભાવવું આપણા સૌની ફરજ છે. તમે માત્ર વર્ષમાં બે વખત શાંતિનાથ દાદાનાં ચરણોમાં શિશ ઝુકાવવા આવો. અને જુઓ આ દાદા કેટલી સુખ-શાંતિ આપે છે. મુળનાયક શ્રી શાંતિનાથ પ્રભુજીની ચમત્કારિક પ્રતિમાજી તથા જુના શાંતિનાથ પ્રભુજીની અદભૂત પ્રતિમાજી સૌનાં દુ:ખડા દૂર કરે છે.

કોઠારા જિનાલયની વર્ષગાંઠે અને પર્યુષણ મહાપર્વે કોઠારા પધારવું જ જોઇએ. આજે ભારતભરમાંથી યાત્રિકો જિનાલયનાં દર્શને કોઠારા ગામ સુધી પહોંચે છે. અહીં દરેક પ્રકારની સવલતો છે.

આ ઐતિહાસિક જીનાલયનું જીર્ણોદ્ધાર કાર્ય થઇ રહ્યું છે. દેશ-વિદેશમાં પ્રખ્યાત આ જિનાલય કોઠારા ગામનું શિરમોર સમાન છે. ઇતિહાસનાં સાક્ષી બનવા સૌથી વિશાળ આ જીર્ણોદ્ધાર કાર્યમાં આપણે સૌ ભાગીદાર બનીએ. વિશાળ અને ભવ્ય જિનાલયનાં જીર્ણોદ્ધાર કાર્યમાં ઉદાર હાથે અનુદાન આપી આવા મહાન જિનાલયનાં જીર્ણોદ્ધાર કાર્યને વેગ આપીએ. બહુ મોટું અને વિશાળ કાર્ય છે. જીર્ણોદ્ધાર કરવું-કરાવવું બહુ મોટું પુન્યનું કાર્ય છે. આપણે સૌ કોઠારાવાસીઓ તથા સર્વે શ્રીસંઘો કોઠારા જિનાલયનાં જીર્ણોદ્ધાર કાર્યમાં સહભાગી બને.

શ્રેષ્ઠી વર્યો જિનાલય આપણાં માટે બંધાવી ગયા. ચાલો આપણે સૌ સાથે મળી આ જિનાલયને તેનાં ઇતિહાસને સાચવી લઇએ. વહેલેરા કોઠારા પધારજો...


**- પ્રબોધ એચ. મુનવર, કોઠારા-કચ્છ, હાલે વર્ધમાનનગર-કચ્છ**

# માંડવી શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૪ મી વર્ષગાંઠ ઉજવાઇ















માંડવી શ્રી અજીતનાથજી જિલનાયની ૧૪૪ મી વર્ષગાંઠની ઉજવણી પ.પૂ. સા.શ્રી તિર્થગુણાશ્રીજી મ. સા., પ.પૂ. સા. શ્રી ભાવિતગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા.આદિ ઠાણા-૩ ની શુભ પાવન નિશ્રામાં ધાર્મિક આરાધનાંઓ સાથે કરવામાં આવી હતી. પ્રભુજીનાં અઢાર-અભિષેકનો લાભ ૧૮ ભાગ્યશાળી દાતાશ્રી પરિવારોએ લીધો હતો. અઢાર અભિષેક-પૂજા-ભાવના-પ્રભુજીની ભવ્ય આંગી, સતરભેદી પૂજા, શાંતિકળશ, સૂર્ય-ચંદ્રદર્શન, ચામરનૃત્ય, રાસ સહિતનાં ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાયા હતા.

મુળનાયક શ્રી અજીતનાથ પ્રભુજીની ધ્વજા ચડાવવાનો લાભ સુરેશભાઇ રાયચંદ વિકમશી વારાપદ્ધર હાલે વર્ધમાનનગર પરિવારે, આદેશ્વર પ્રભુજીની ધ્વજાનો લાભ કસ્તુરબાઇ કેશવજી નાગડા વારાપદ્ધર હાલે વર્ધમાનનગર પરિવારે શાંતિનાથ પ્રભુજીની ધ્વજાનો લાભ મધુકાન્ત બાબુલાલ શાહ માંડવી પરિવારે જયારે શ્રી યક્ષ-યક્ષિણી દેવીની ધ્વજાનો લાભ ધારાબેન મૌલિકભાઇ શાહ માંડવી પરિવારે લીધો હતો.ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓ પ્રભુભક્તિમાં તરબોળ બની રાસ રમી નાચી ઝુમી ઉઠયા હતા.

# માંડવી શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૪ મી વર્ષગાંઠ ઉજવાઇ












આ શુભ અવસરે બપોરનાં સ્વામિવાત્સલ્યનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશીં લોડાયા પરિવાર આરીખાણા હાલે મુલુંડ હસ્તે અ.સૌ. કલ્પનાબેન સોમચંદભાઇ લોડાયા પરિવારે લીધો હતો.

પૂ.સા. શ્રી તિર્થગુણાશ્રીજી મ. સા. એ જણાવ્યું હતું કે, માંડવીનું બંદર રોડ અને અજીતનાથ પ્રભુજીનું ભવ્ય જિનાલય આજે પણ ઇતિહાસનાં સાક્ષી રહ્યા છે.

આ અવસરે દીક્ષા અંગીકાર કરનાર મુમુક્ષુ કેસરબેન બોહરાનું શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન માંડવી દ્વારા બહુમાન કરવામાં આવેલ.

આરતી ઉતારવાનો લાભ જયોતિબેન અરવિંદભાઇ ગાલા, મંગલ દીવાનો લાભ માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર-કોઠારા, શાંતિ કળશનો લાભ શાનવી તથા રીષવીકુમાર શાહ-માંડવી, દીપક-ધૂપનો લાભ માતુશ્રી હીરબાઇ પુનશી મૈશેરી,

# માંડવી શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૪ મી વર્ષગાંઠ ઉજવાઇ

















સૂર્ય દર્શનનો લાભ સુરેશભાઇ રાયચંદ વિકમશીં, ચંદ્રદર્શનો લાભ માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર, પ્રથમ અષ્ટપ્રકારી પૂજાનો લાભ માતૃશ્રી હીરબાઇ પુનશીં મૈશેરી-માંડવી પરિવારોએ લીધેલ.

સ્વામિવાત્સલ્યનાં દાતાશ્રી માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશીં લોડાયા પરિવાર આરિખાણા-મુલુન્ડ હસ્તે અ.સૌ. કલ્પનાબેન સોમચંદભાઇ લોડાયા પરિવાર તથા રંગ મંડપનાં દાતાશ્રી માતુશ્રી ચંદનબેન ધનજીભાઇ પાશવીર મૈશેરી માંડવી-ઘાટકોપર હસ્તે હિતેશભાઇ મૈશેરી પરિવારોનું માંડવી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી દ્વારા ભદ્રીકભાઇ મૈશેરી, પ્રબોધ મુનવર, વિનય મૈશેરી, તિલક ડાઘા, કૃણાલ ડાઘાએ બહુમાન કરેલ. અને દાતાશ્રીઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવેલ.

# માંડવી શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૪ મી વર્ષગાંઠ ઉજવાઇ








નીશાબેન સંઘવી એન્ડ પાર્ટીએ સંગીતની ભારે રમઝટ જમાવેલ. જયારે શાસ્ત્રોક્ત વિધિવિધાન પંડિતવર્ય શ્રી સાગરભાઇ શાહે કરાવેલ.

આ અવસરે સુરેશભાઇ વિકમશી, ચેતનભાઇ વોરા, સંજયભાઇ ડગારાવાલા, દિનેશ એમ. શાહ, દિલીપભાઇ જૈન, લક્ષ્મીચંદભાઇ પોલડીયા, કુમાર શાહ, ધવલ સંઘવી, દિલીપ મોતા, પ્રફુલભાઇ નાગડા, તુષાર જૈન, અમીતા જૈન, અભય ધરમશી,લહેરીભાઇ દોરાવાલા, શાંતિલાલભાઇ દોરાવાલા, વર્ધમાન શાહ, નૈશેદ ભંડારી, નિર્મળ શાહ, સમીર શાહ, હિરેન ધરમશીં, મનોજ શાહ, ચંદનબેન જૈન, મીનાબેન મૈશેરી, લતાબેન ડાઘા,કલ્પનાબેન, દિપાલી શાહ, દામજીભાઇ મૈશેરી, કલ્યાણભાઇ ડાઘા, પુજારી દિલીપભાઇ, મહેન્દ્રભાઇ વી. લોડાયા, ગુણવંતી મોતા, દિમી મોતા, દિપાલી સાયલા, કાશ્મીરાબેન ધરમશીં, પુષ્પાબેન ગોશર, મણીલાલભાઇ ગોશર, દમયંતી મોતા, મનીષા હેફા, રમેશ ખોના, હેતલ મોમાયા, રીટા મોતા, દક્ષા છેડા, ભાવના ગાલા, નેહલ ડાઘા, કલ્પનાબેન હેફા, પુજા ડાઘા, પ્રદિપ દંડ સહિત અગ્રણી આગેવાનો અને શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર વ્યવસ્થા ભદ્રીકભાઇ મૈશેરી, પ્રબોધ મુનવર, જીગર મૈશેરી, તિલક ડાઘા, કૃણાલ ડાઘા, વિનય મૈશેરીએ સંભાળી હતી.

કાર્યાલય : શ્રી મહાવીર ખીચડી ઘર C/o. પ્રબોધ શાહ જૈન (મુનવર), લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ-કચ્છ. મો. ૯૯૨૫૧૬૯૮૭૬

## ભૂખ્યાને ભોજન કરાવતી રવિવારીય પ્રવૃત્તિ એટલે શ્રી મહાવીર ખીચડીઘર

# વર્ધમાનનગર મહાવીર ખીચડી ઘરની માનવસેવાની પ્રવૃત્તિ

ભયંકર ગરીબીમાં ભીંસાતા માનવોની સેવા, એ વર્તમાન પરિસ્થિતિમાં જૈન જૈનેત્તરનું પ્રથમ કર્તવ્ય છે. ઠેર ઠેર અન્નક્ષેત્રો ખોલવાની અત્યારે તાતી જરૂર છે. જૈન-જૈનેત્તરો જાગો... વર્તમાન દેશકાળ અનુસારે ધાર્મિકતાની સાથે સાથે માનવતાને પણ પ્રાથમિકતા આપો. દરેક વસ્તુઓમાં ઉપરા-ઉપરી ભાવ વધારો થતો જાય છે. મોંઘવારી ઝડપભેર વધી રહી છે. અનેક ગરીબો ભૂખ્યા સૂઇ જાય છે. અન્નનો ખોટો બગાડ અટકે... અને ગરીબોનાં પેટનો ખાડો પૂરાય એ અતિ જરૂરી છે.

આવી ગરીબી, બેકારી અને કાળઝરતી મોંઘવારીના ખપ્પરમાં જો મધ્યમવર્ગ હોમાઇ ગયો હોય, 'એક સાંધે ત્યાં તેર તૂટે' તેવી સ્થિતિ સર્જાઇ હોય, તો પછી જે લોકો કાળઝાળ ગરીબીની આગમાં શેકાઇ રહ્યા છે, જેમને ઉપર આભ અને નીચે ધરતી સિવાય કોઇ આશરો નથી, જેમના પેટ પાતાળે ગયા છે. આંખો ઊંડી ઉતરી ગઇ છે. હાડપીંજરો, ચામડી ભેદીને બહાર આવી રહ્યા છે. અપોષણ અને ટેન્શનોને લીધે જેઓ રોગનો ભોગ બન્યા છે. આવી ભયંકર ગરીબીમાં ભીંસાતા માનવોની સેવાએ વર્તમાન પરિસ્થિતિમાં જૈન-જૈનેત્તરોનું પ્રથમકર્તવ્ય છે.... ઠેર-ઠેર અન્નક્ષેત્રો ખોલવાની અત્યારે ખૂબ જ જરૂર છે. એક નજર આવા ગરીબ લોકો તરફ કરો. અન્નદાન કરવાથી પુણ્યનું ભાથું બંધાય છે.

પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.ની શુભ પ્રેરણાથી અમદાવાદનાં અનેક વિસ્તારોમાં શ્રી મહાવીર ખીચડી ઘરો શરૂ થયેલ છે. જેના દ્વારા દર રવિવારે ઝુંપડપટ્ટી વિસ્તારોમાં ગરીબ લોકોને ભોજન વિતરણ કરાય છે. ગામે ગામ આવા ખીચડી ઘરો શરૂ કરવાનો સમય પાકી ગયો છે. ગરીબો-શ્રમજીવીકો અને જરૂરતમંદ પાડોશીઓને મદદ કરો.

યાદ રાખો... ગરીબોની દુવા તમારા જીવનને પણ સુખ-શાંતિ અને સમૃદ્ધિથી ભરી દેશે. ભૂખ્યાને ભોજન એજ સાચો ધર્મ છે. એજ સાચી માનવસેવા છે. દીન દુઃખીયાની પૂછા કરો. એને મદદ કરો. પ્રભુ તમારૂં ભલું કરશે.

જૈનાચાર્ય પ.પૂ. વિ. કલાપૂર્ણસૂરિશ્વરજી મ.સા. નાં શિષ્યરત્ન પ.પૂ. આચાર્ય શ્રી આનંદવર્ધનસુરીજી મ.સા. તથા પ.પૂ. આચાર્ય શ્રી આત્મદર્શનસુરીજી મ.સા.ની શુભ પ્રેરણાથી ભુજ-ભુજોડી રોડ ઉપર આવેલા જૈનોનાં વર્ધમાનનગરનાં યુવકો દ્વારા દર રવિવારે ભુજોડી, કુકમા, લાખોંદ, ગડા પાટીયા વિસ્તારોમાં માર્ગોમાં ઝુપડામાં રહેતા શ્રમજીવી પરિવારોનાં ઝુંપડામાં જઇને ભાવતાં ભોજનીયા જમાડવામાં આવે છે. વર્ધમાનનગરથી ચૈત્ર સુદ-૧૩ તા. ૧-૩-૨૦૦૭ થી આ કાર્યની શરૂઆત થઈ હતી. જે આજે પણ ચાલુ છે.

પૂજય ગુરૂભગવંતોની શુભ પ્રેરણાથી વર્ધમાનનગરનાં જૈન યુવકો દર રવિવારે સવારે સાડા સાત વાગે છકડો રિક્ષા દ્વારા જરૂરતમંદ શ્રમજીવીઓને ભોજન કરાવવા પહોંચી જાય છે. જુદા જુદા વિસ્તારોમાં સૌ પ્રથમ ગરીબોને લાઇનમાં બેસાડાય છે. સંસ્થાનાં શ્રી પ્રબોધ મુનવર સૌ પ્રથમ નવકાર મંત્ર સંભળાવે છે. ત્યાર બાદ કૌશિક મહેતા, ગિરીશ ગાંધી, નરેન્દ્રભાઇ વોરા ભોજન પીરસવાનું શરૂ કરે છે. ભૂખ્યાને ભોજન પીરસાય છે. નાનાં ભૂલકાંઓને પણ જમાડવામાં આવે છે. ગરીબોની આંતરડી ઠારવાનું કામ શ્રી મહાવીર જૈન ખીચડી ઘર વર્ધમાનનગર દ્વારા થઇ રહ્યું છે. દર રવિવારે ૨૦૦ શ્રમજીવીઓને તેમના ભુંગા સુધી જઇ ભોજન જમાડાય છે. ભગવાન મહાવીર સ્વામીનો જય ઘોષ કરાવતાં કરાવતાં ભોજન વિતરણ કરાય છે.

શાસ્ત્રોમાં અન્નદાન ને મહાદાન કહ્યું છે. ભૂખ્યાને ભોજન, જરૂરતમંદોને જમવાનું આપવું એ સૌથી મોટો માનવધર્મ છે. આવા શ્રમજીવીઓને જમાડવાનો દર રવિવારીય ખર્ચ રૂા. ૨૦૦૦ (બે હજાર પૂરા) આવે છે. માનવતા અને માનવસેવાની આ પ્રવૃત્તિનો દાતાશ્રીઓને લાભ લેવા વિનંતી છે.

જેમની પાસે ખાવા માટે અન્ન કે પૈસા નથી એવા શ્રમજીવીકોને શોધી શોધીને ભોજન કરાવાય છે. પૈસો હાથનો મેલ છે. આજે છે કાલે નથી. પણ આવી પ્રવૃત્તિઓ પાછળ ખર્ચેલું ધન ક્યારે પણ ફોગટ જતું નથી. તેમાં પણ અન્નદાન... ભૂખ્યાને ભોજન... જરૂરતમંદોને જમાડવાનો લાભ... સૌથી મોટો લાભ છે. ભૂખ્યાનાં પેટનો ખાડો પુરવો એ સૌથી મોટો ધર્મ છે.

**માનવસેવા એજ... સાચી પ્રભુ સેવા છે**

લાવ્યા હતા કેટલું... ને લઈ જવાના કેટલું... આખરે તો લાકડાને છાણા રે... જરા સરવાળો માંડજો. જિંદગીમાં કેટલું કમાણા રે જરા સરવાળો માંડજો... આ જિંદગીનો કોઈ ભરોસો નથી. આ આયુષ્ય ક્યારે પૂરૂં થઈ જશે કાંઈ જ કહેવાય નહીં. માટે હાથે તે સાથેનો સમયસર ઉપયોગ કરીએ... હાથેથી દાન આપી સાથે પૂણ્યનું ભાથું ભરીને લઈ જઈએ. રવિવારીય ભૂખ્યાને ભોજન કરાવતી આ પ્રવૃત્તિનો લાભ લેવા શ્રી પ્રબોધ મુનવર મો. ૯૯૨૫૧૯૯૮૭૯ અથવા કૌશિક મહેતા મો. ૯૯૩૮૯૯૮૯૪૦નો સંપર્ક કરવા જણાવાયું છે.

જૈન ધર્મનાં સિદ્ધાંતો અને નિયમોનાં સુંદર પાલન સાથે સુંદર ભોજન તૈયાર કરાવાય છે. દર રવિવારે અલગ અલગ ભોજનથાળ પીરસાય છે. કપડાની જરૂરિયાતવાળા લોકોને કપડા વિતરણ કરવામાં આવે છે. જૈન-જૈનેતર દાતાશ્રીઓને સહયોગ આપવા વિનંતી છે.શ્રી પ્રબોધ મુનવરની આગેવાની હેઠળ વર્ધમાનનગરમાં શ્રી મહાવીર ખીચડી ઘરનો પ્રારંભ મહાવીર જન્મકલ્યાણ દિન ચૈત્ર સુદ તેરસ તા. ૧-૩-૨૦૦૭ ના શુભ દિનથી શરૂ કરાયું હતું. વર્ષોથી આ પ્રવૃત્તિ ચાલુ છે. અન્નદાનની દર રવિવારીય આ પ્રવૃત્તિમાં જુદા-જુદા દાતાશ્રીઓને સહયોગ આપવા વિનંતી છે.

દર રવિવારીય આ પ્રવૃત્તિ વર્ષોથી ચાલુ રહી છે. તડકો-છાંયડો કે વરસાદ હોય તો પણ દર રવિવારે આ શ્રમજીવીકોને ભોજન ચોક્કસ પહોંચે છે. એક પણ રવિવાર આ પ્રવૃત્તિ બંધ રહી નથી. આ પ્રવૃત્તિમાં સહયોગ આપવા ઇચ્છતા દાતાશ્રીઓએ નીચેનાં કાર્યકરોનો સંપર્ક કરવા વિનંતી છે.




દર રવિવારે ગાયોને ઘાસચારો, પક્ષીઓને ચણ, શ્વાનોને રોટલા અપાય છે. તેમજ કીડીયારો પણ પૂરવામાં આવે છે.

ભુખ્યાને ભોજન કરાવવાની આ પ્રવૃત્તિનો લાભ લેવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| પ્રબોધ શાહ જૈન (મુનવર) | કૌશિક મહેતા | ગીરીશ ગાંધી |
| ૯૯૨૫૧૬૯૮૭૬ | ૯૬૩૮૬૬૮૯૪૦ | ૮૯૮૦૩૧૨૧૫૯ |
| નરેન્દ્રભાઇ વોરા | ભાવેશભાઇ છાયા | મમુભાઇ રબારી |
| ૬૩૫૪૬૯૧૫૩૦ | ૯૪૦૯૨૦૨૨૦૫ | ૯૯૭૯૧૦૬૮૬૬ |

કાળઝાળ મોંઘવારીથી પીડાતા ગરીબો પાસે ખાવા અનાજ નથી. રાશન કીટની માંગ દિવસો દિવસ વધી રહી છે. ત્યારે ગરીબોનાં ઘર સુધી રાશન કીટ પહોંચતી કરવા દાતાશ્રીઓ આગળ આવે તેવી કરબદ્ધ પ્રાર્થના છે. માનવસેવા અને જીવદયાનાં કાર્યો કરતી અમારી સંસ્થાનો અવશ્ય સંપર્ક કરશોજી.

**શ્રી મહાવીર ખીચડી ઘર : બેંક ઑફ બરોડા, ભુજ • એકાઉન્ટ નં. 78160100002958 - B.O.B. • IFSC Code No. BARBOVJBHUJ**

# પ્રબોધ મુનવરને અત્યાર સુધી મળેલ એવોર્ડોની વિગત

- ગુજરાત સરકારશ્રીનો ''જાહેર સુખાકારી પ્રવૃત્તિઓ માટેનો એવોર્ડ, (૨૦૧૨ ના વર્ષનો) પ્રબોધભાઇને સાંસ્કૃતિક અને રમતગમત વિભાગના મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલા હસ્તે અર્પણ થયેલો.
- 'કચ્છ ઉમંગ' નો ૨૦૧૧ નો ''કચ્છ ગૌરવ એવોર્ડ'' એમને અર્પણ કરાયો.
- 'કચ્છ શકિત' નો 'રાષ્ટ્રીય એવોર્ડ' ૨૦૧૨ માં ઉમદા સેવાઓ બદલ મળ્યો.
- વિશ્વ સેવા પરિષદ દિલ્હીનો ''રાષ્ટ્રીય સેવારત્ન એવોર્ડ,, ૨૦૧૩માં મળ્યો.
- વર્ષ ૨૦૧૪ માં ભુજ કચ્છની અનેક સંસ્થાઓ, રાજકીય અગ્રણીઓ તેમજ સરકારી કચેરીઓ દ્વારા એમને 'સન્માનપત્રો' અર્પણ થયા.
- કચ્છચેમ્બરઓફકોમર્સ દ્વારા ''વાયબ્રન્ટકચ્છ-૨૦૧૫,,નો એવોર્ડ, રાજયના મુખ્યમંત્રીશ્રીમતીઆનંદીબહેનપટેલના હસ્તે અર્પણ થયો.



પ્રબોધ એચ. મુનવર (કોઠારા)
હાલે વર્ધમાનનગર-કચ્છ
સંપર્ક : મો. ૯૯૨૫૧૬૯૮૭૬

- વર્ષ-૨૦૧૬ માં કચ્છ જિલ્લા કલેકટર શ્રી દ્વારા સન્માન પત્ર અર્પણ કરવામાં આવેલ.
- વર્ષ -૨૦૧૬માં નેહરૂ યુવા કેન્દ્ર, કિડા અને યુવક કલ્યાણ મંત્રાલય ભારત સરકાર સંલગ્નીત પદ્મ શ્રી ડો. મણિભાઇ દેસાઇ માનવસેવા ટ્રસ્ટ પૂના દ્વારા, ડો. એ.પી.જે. અબ્દુલ કલામ જયંતિ નિમિતે ભારતરત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામ ''રાષ્ટ્ર રત્ન એવોર્ડ અર્પણ થયો.
- વર્ષ-૨૦૧૬-૨૦૧૭ માં ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી ગુજરાતના બેસ્ટ પેરાલીગલ વોલીન્ટીયર રહ્યા છે.
- વર્ષ-૨૦૧૭ ઇન્ટરનેશનલ હ્યુમન રાઇટ્સ કાઉન્સિલ મુંબઇ દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર નોબેલ એવોર્ડ ''બાના-૨૦૧૭,, અર્પણ થયો
- વર્ષ -૨૦૧૭ ફરાદી મધ્યે ''ઝીલ,, એવોર્ડ
- વર્ષ-૨૦૧૭ ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે ''ધરતી રત્ન,, એવોર્ડ
- વર્ષ-૨૦૧૮ ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એંકરવાલા અહિંસાધામ દ્વારા ''અહિંસા એવોર્ડ''
- વર્ષ-૨૦૧૮ સંભવ ગ્રુપ - ભુજ દ્વારા ''જૈન રત્ન'' એવોર્ડ
- વર્ષ-૨૦૧૮ કચ્છ યુનિવર્સિટી ભુજ મધ્યે શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્ હસ્તે એવોર્ડ
- વર્ષ-૨૦૧૮ કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે એવોર્ડ
- વર્ષ-૨૦૧૯ નરેડી-કચ્છ મધ્યે પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં રાજયમંત્રી વાસણભાઇ આહિર તથા પૂર્વ રાજયમંત્રી શ્રી તારાચંદભાઇ છેડાનાં વરદ્ હસ્તે ''અહિંસા રત્ન'' એવોર્ડ
- વર્ષ-૨૦૧૯ માં ગાંધીનગર મધ્યે ''ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ'' રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીના વરદ્ હસ્તે એવોર્ડ
- વર્ષ-૨૦૧૯ માં ભુજ મધ્યે રાજ્ય કક્ષાનો દિવ્યાંગ પારિતોષિક એવોર્ડ
- વર્ષ-૨૦૨૦ માં વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી ઓફ બોર્ડ દ્વારા ''યુગાન્તર એવોર્ડ-૨૦૨૦,,
- વર્ષ-૨૦૨૧ માં ''અડીખમ ગુજરાત'' ગુજરાતની ન્યુઝ ચેનલ જી-૨૪ કલાક દ્વારા કચ્છ જીલ્લાને અડીખમ રાખનાર કોરોના વોરિયર્સનું સન્માન
- વર્ષ-૨૦૨૧ ''કોરોના યોદ્ધા'' તરીકેનું સન્માન રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનાં વરદ્ હસ્તે
- વર્ષ-૨૦૨૨ માં અમદાવાદ મધ્યે ''વ્યાપાર જગત'' દ્વારા ગ્રીન એન.જી.ઓ. એવોર્ડ અર્પણ
- વર્ષ-૨૦૨૩ માં મુંબઇ મધ્યે ''વ્યાપાર જગત'' દ્વારા પ્રાઇડ ઓફ ઇન્ડીયા એવોર્ડ અર્પણ
- વર્ષ-૨૦૨૩ માં અમદાવાદ મધ્યે ''ગ્રીનપ્રેન્યોર'' દ્વારા ચેન્જરમેકર ઓફ ઇન્ડીયા એવોર્ડ અર્પણ
- વર્ષ-૨૦૨૪ માં દિવ્ય ભાસ્કર દ્વારા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબનાં વરદ્ હસ્તે ''સાચી વાત બેધડક,, એવોર્ડ અર્પણ

માનવજ્યોત સંસ્થા- ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ, ભુજ-ખાવડા માર્ગે ભુજથી ૭ કિલોમીટરનાં અંતરે આવેલું છે. એકલા-અટુલા નિરાધાર રસ્તે રઝળતા અને માર્ગોમાં પડ્યા પાથર્યા રહેતા માનસિક દિવ્યાંગોને માનવજ્યોતનાં વાહન દ્વારા આશ્રમ સ્થળે લઇ આવી તેઓની સારી સારવાર કરાવી વિવિધ રાજ્યોમાં તેમનું ઘર શોધી પરિવારજનો સાથે ફેરમિલન કરાવવાનું કાર્ય કરવામાં આવે છે. દરેક રાજ્યની પોલીસ માનવતાનાં આ કાર્યમાં મદદરૂપ બને છે. ગુમ થયેલા અનેક લોકોને સંસ્થાએ શોધી આપ્યા છે. બે એકર જમીન ઉપર બે કરોડના ખર્ચે દાતાશ્રીઓ દ્વારા આ આશ્રમ બનાવી આપવામાં આવેલ છે. આશ્રમ સ્થળે અતિથિગૃહ, ભોજન શાળા, દવાખાનું, ગાર્ડન, ચબુતરો, મંદિર તથા ૩૦ રૂમો સાથેનું આ સંકુલ છે. જેની મુલાકાત લેવા વિનંતી છે. જેનાં મુખ્ય માર્ગદર્શક અને સંચાલક પ્રબોધ એચ. મુનવર છે. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ભુજનાં પ્રમુખ છે. ક.દ.ઓ. જૈન કચ્છ એકમનાં ઉપપ્રમુખ છે. ૪૦ વર્ષથી સવાણી ટ્રાન્સપોર્ટ પ્રા. લી. ભુજ બ્રાંચના મેનેજર છે.

# કચ્છમાં પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ

**માનવજ્યોત સંસ્થાના માધ્યમથી અત્યાર સુધીમાં તેમના દ્વારા થયેલ પ્રવૃત્તિઓના પ્રાથમિક આંકડા નીચે મુજબ છે.**

- ૭૭૩ બિનવારસ લાસોની અંતિમક્રિયા કરવામાં આવી છે.
- ૧૮૯૧ રખડતા-ભટકતા માનસિક દિવ્યાંગોને ઘર સુધી પહોંચાડાયા છે.
- ૧૧૩૬૫ વ્યક્તિઓને બસ-ટ્રેનનાં ટીકીટ ભાડા આપી ઘર સુધી પહોંચાડાયા છે.
- ૫૪૧ યુવતીઓ-મહિલાઓ ઘરકંકાસથી અચાનક ભુજ પહોંચેલી તેમને સમાધાન સાથે ઘરે પહોંચાડાઇ.
- ૨૬ તાજા જન્મેલા બાળકો મળ્યા. ૧૪ ને બચાવી લેવાયા. ૧૨ મૃત હાલતમાં મળ્યા હતા.
- ૨૫૧ ગુમ થયેલા બાળકોને શોધી આપી પરિવાર સાથે ફેર મિલન કરાવાયું છે.
- ૫૦૭ દિવ્યાંગોને ટ્રાયસિકલો અર્પણ કરાઇ છે.
- ૬૩૯ વિધવા મહિલાઓને સિવણ મશીન અર્પણ કરાયા છે.
- ૪૬૮ વૃદ્ધોને ઘર શોધી આપી ઘરે પહોંચતા કરાયા છે.
- ૩૬ મહિલાઓને આપઘાતમાંથી ઉગારવામાં આવેલ છે.
- ૪૮ મહિલા, પુરૂષો, યુવક, યુવતીઓની લાસો તળાવમાંથી સંસ્થાએ કાઢી છે
- દર વર્ષે ઉનાળાની કાળઝરતી ગરમીમાં પક્ષીઓ માટે પાણી પીવાનાં ૧૫ હજાર કુંડાઓનું વિતરણ. પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા.
- દર વર્ષે ચકલીઓ માટે સુરક્ષિત ૧૦ હજાર ચકલીઘરોનું વિતરણ. ચકલીઓને રહેવા માટે રૂપકડું ચકલીઘર હવે ઘરોઘર પહોંચ્યું છે.
- પ્લાસ્ટીકની થેલીઓ અને ઝબલાનું દુષણ દુર કરવા, ગૌમાતાને બચાવવા, દર વર્ષે ૧૨ હજાર કાપડની થેલીઓનું વિતરણ.
- ભુજ શહેરનાં એકલા-અટુલા-નિરાધાર ૧૦૦ વૃદ્ધોને નાત-જાતનાં ભેદભાવ વિનાં દરરોજ તેમનાં ઘરે જઇ નિઃશુલ્ક ભોજન ટીફીન દ્વારા પહોંચાડવામાં આવે છે.
- વહેલી સવારે કચરાપેટીઓમાં ઉતરી, પસ્તી-પ્લાસ્ટીક-ભંગાર વીણી તેને વેંચી અને પોતાનાં પરિવારને દરરોજ ૨૦ થી ૩૦ રૂપિયા કમાવી આપતા બાળશ્રમયોગીઓને અક્ષરજ્ઞાન આપવામાં આવેછે. સંસ્થાની બે સ્કુલોમાં આવા ૪૫૦ બાળકોને વાંચતા-લખતા કરી સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવ્યો છે. બાળ મજુરોને શોધી શોધીને અક્ષરદાન આપવામાં આવે છે.
- ગાય માતાઓ માટે પાણી પીવા સિમેન્ટની ૨૦૦ થી વધુ કુંડીઓ શહેરમાં ગોઠવવામાં આવી છે. ગાય માતાને પણ આવી કુંડીઓ દ્વારા કાળઝરતી ગરમીમાં પીવાનું પાણી મળી રહે છે.
- શ્વાનો માટે પાણી પીવાની દર વર્ષે ૧૫૦૦ થી વધુ સિમેન્ટની ચાડીઓ ગોઠવવામાં આવે છે. શ્વાનો પણ પોતાની પ્યાસ બુઝાવી શકે છે.
- દરરોજ ગાયોને ઘાસચારો, પક્ષીઓને ચણ, શ્વાનોને રોટલા, માછલીઓને લોટ નાખવામાં આવે છે. તથા કીડીયારો પૂરવામાં આવે છે.
- ચોમાસાની શરૂઆતમાં ઝુંપડા અને ભુંગાઓમાં રહેતા પરિવારોને પ્લાસ્ટીક કાગળો અને તાલપત્રીઓનું વિતરણ કરવામાં આવે છે.
- શિયાળાનાં પ્રારંભે ઠંડીમાં ઠુંઠવાતા લોકોને ધાબળા વિતરણ કરવામાં આવે છે. રાત્રે ખુલ્લામાં સૂતેલા લોકોને ધાબળા ઓઢાળવામાં આવે છે.
- ઉનાળાનાં બળબળતા તાપમાં ફરતા બાળકોને પગરખાઓ વિતરણ કરવામાં આવે છે.
- ઉનાળાની કાળઝરતી ગરમીમાં દરરોજ શ્રમજીવીકોને છાસ વિતરણ કરવામાં આવે છે.
- વધુને વધુ વૃક્ષારોપણ કરવામાં આવે છે. લીંબોડી બિજનું વાવેતર કરવામાં આવે છે.
- દર વર્ષે ઉનાળાની કાળઝરતી ગરમીમાં ગરીબોના ઝુંપડે જઇ ઠંડા પાણીના માટીના માટલા વિતરણ કરવામાં આવે છે.
- પ્રસંગોપાત સમાજવાડીઓમાંથી વધી પડેલી રસોઇ એકઠી કરી ગરીબોના ઝુંપડે વિતરણ કરવામાં આવે છે. જે રસોઇમાંથી દર વર્ષે અઢીલાખથી વધુ લોકોના પેટનો ખાડો પુરાય છે. અને અન્નનો બગાડ અટકે છે.

માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઇની પ્રેરણાથી માનવજ્યોત સંસ્થા ભુજની વર્ષ ૨૦૦૩ માં સ્થાપનાં કરવામાં આવી. માનવજ્યોત-ભુજ દ્વારા અત્યારે ૪૯ જેટલી સેવાકીય પ્રવૃત્તિઓ કચ્છભરમાં ચાલી રહી છે. શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છનાં ભુમિદાતા શ્રી વાસુદેવભાઇ રામદાસ ઠક્કર - ભુજ છે. જયારે મુખ્ય દાતા શ્રીમતિ મંજુલાબેન મહેન્દ્રભાઇ સંગોઇ ટોળા-કચ્છ હાલે પાર્લા મુંબઇ છે. પ્રબોધ મુનવરની આગેવાની હેઠળ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જરૂરતમંદ લોકો સુધી પહોંચી છે.

સંપર્ક : મો. ૯૯૨૫૧૬૯૮૭૬

જન સેવા એજ પ્રભુ સેવા

અતિથિ દેવો ભવઃ

## શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન (નલિયાવાસી) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

સ્થાપિત અને સંચાલિત

# શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન


**મુખ્ય કાર્યલય:** શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથીભવન, મોતા ફળિયા, જૈન દેરાસરની બાજુમાં, નલિયા - કચ્છ, તાલુકા અબડાસા-૩૭૦૬૫૫.

સંપર્ક : ૦૨૮૩૧-૨૨૨૨૧૫ / ૯૯૦૯૭ ૨૯૪૫૧

**મુંબઇ કાર્યલય:** C/O. શ્રી વિજયભાઇ વી. ખોના, ૧૦૯ અનુરાગ બિઝનેસ સેન્ટર, પહેલે માળે, ઘાટલા રોડ, ચેમ્બુર (પૂર્વ) મુંબઇ - ૪૦૦ ૦૭૧.

Contact : 9821027874 ■ E-mail : kdonaliyatrust@gmail.com


# નૂતનીકરણ તથા નવી વિંગના અને નુતન ઉપહાર ગૃહના નિર્માણ માટે અપીલ સહ નમ્ર નિવેદન

## પરિવર્તન એજ સંસારનો નિયમ છે

એ ઉક્તિ અનુસાર આપણા હાલના અતિથિ ભવનનું નુતનીકરણ શરૂ થઇ રહ્યું છે.

તથા એક એવું ભવ્યાતિભવ્ય અતિથિભવન કે જેમાં નવા અત્યાધુનિક સાધન સગવડો ઉપસ્થિત હોય તેવા વિશિષ્ટ અતિથિ ભવનનું નિર્માણ આ રજત જયંતિ વર્ષમાં થવા જઇ રહ્યું છે.

### તેની વિશેષતા

પ્રકૃતિના ખોળે શાંત રમણિય કુદરતના સાન્નિધ્યમાં નવી વિંગમાં ગ્રાઉન્ડ + ૨ માળનું લિફ્ટ સાથેનું અત્યંત આધુનિક વ્યવસ્થા સહિતના ૧૫ રૂમો જેની દરેક રૂમોમાં

- સિંગલ બેડના ૨ બેડ
- ડ્રેસિંગ ટેબલ
- એસી
- ૨૪ કલાક ગરમ પાણ
- ૨૪ કલાક કાર્યદક્ષ સ્ટાફ ઉપલબ્ધ
- વાહન પાર્કિંગ માટેની જગ્યા વગેરે...

આવનાર યાત્રિકોને સહેવાની ઉત્તમ સગવડ સાથે સવારે ગરમા ગરમ ચા-નાસ્તો, બપોરે તથા સાંજે શુદ્ધ, સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન.



આપ જેવા સખીદિલ દાતાશ્રીઓના સહયોગથી જ આપણું આ ટ્રસ્ટ આ પ્રકારના અનેક સેવાકાર્યો કરતું આવ્યું છે...

અમને આપના પર સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે, આપણા અતિથિ ભવનના વિસ્તારિત અભિયાનમાં આપ અમારી ઝોળી છલકાવી દેશો.

## એક નમ્ર વિનંતી

**સમાજસેવાના આ એક ઉત્તમ કાર્યમાં વધુમાં વધુ લોકો સાથે જોડાઇને સહભાગી બને એજ અભ્યર્થના**

| | |
|---|---|
| અતિથિ ભવનની નવી વિંગના મુખ્ય દાતાશ્રી (દાતા મળી ગયેલ છે) | ૫૧,૦૦,૦૦૦/- |
| નુતન ઉપહાર ગૃહના સંપુર્ણ દાતાશ્રી (દાતા મળી ગયેલ છે) | ૨૧,૦૦,૦૦૦/- |
| અતિથિ ભવનની જુની તથા નવી વિંગને જોડતી લિફ્ટના દાતાશ્રી (દાતા મળી ગયેલ છે) | ૧૧,૦૦,૦૦૦/- |
| અતિથિ ભવનના નવી વિંગના ૧૫ રૂમ પૈકી પ્રત્યેક ૧ રૂમના ફર્નિચર સાથેના દાતાશ્રી (દાતા મળી ગયેલ છે) | ૭,૫૧,૦૦૦/- |
| હાલ ના અતિથિ ભવનના નુતનીકરણના મુખ્ય દાતાશ્રી | ૨૧,૦૦,૦૦૦/- |
| હાલ ના અતિથિ ભવનના નુતનીકરણના સહયોગી દાતાશ્રી (૩ સહયોગી દાતાશ્રી) પ્રત્યેકના | ૧૧,૦૦,૦૦૦/- |
| આધાર સ્તંભ દાતાશ્રી | ૧,૧૧,૦૦૦/- |
| સહયોગી દાતાશ્રી | ૫૧,૦૦૦/- |

**NAME :** Shri K. D. O. Jain (Naliyawasi) Mumbai Charitable Trust, Mumbai.
**BANK NAME :** Bank of Baroda, Bhat Bazar Branch. Mumbai - 400009.
**SAVING A/c No. :** 99310100003815. **MICR :** 400012218.
**IFC/ NEFT Code No. :** BARB0DBBBAZ. (Fifth numeric is Number Zero)
**આ ટ્રસ્ટને આપેલ દાન ૮૦ જી અંતર્ગત ઇન્કમ ટેક્સમાં બાદ મળે છે.**

આપણું નલિયા ગામ કાશ્મીર જેવી ઠંડી માટે પ્રખ્યાત છે. અન્ય શહેરોમાં વસતા આપણા દરેક ગામવાસીઓ અને ખાસ તો આપણી આજની યુવા પેઢી આવા સુંદર ખુશ્નુમા વાતાવરણમાં આપણા આધુનકિ સુખ સગવડથી સજ્જ એવા આપણા અતિથિભવનમાં રોકાણ કરીને કાશ્મીર જેવો અહેસાસ માણી શકે અને સાથે-સાથે આપણા ગામથી અને લોકોથી પરિચિત થાય તે માટે વારંવાર ચોક્કસ મુલાકાત લેવી જોઇએ.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરીથી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા.૦૮ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી સાંઘવ તીર્થ : ૧૫૯ મુ ધ્વજારોહણ મહોત્સવ તથા શ્રી માણેકજી મેઘજી લોડાયા પરીવાર પ્રેરીત જિન ભક્તિ મહોત્સવ. |
| તા. ૦૯ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી વારાપધર આદિનાથ જિનાલય : ૧૬૪ મુ ધ્વજારોહણ મહોત્સવ : લાભાર્થીઃ મા. જયાબાઇ હંસરાજ વીરજી વિકમશી. |
| તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ | કોઠારા શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૬૪ મી ધ્વજા મહોત્સવ. |
| તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ | મુમુક્ષુ શ્રી હાર્દિકકુમાર મુલચંદ ચાંપશી મૈશેરી ( મોટી સિંધોડી- ડોમ્બિવલી) ની પ્રવજ્યા દિક્ષાઃ દંતાણી મા નવ નિર્મિત જિનાલય ની પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન. |
| તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાપર ગઢ તીર્થ - શ્રી ગોડીયા પાર્શ્વનાથજી જિનાલય દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૧૩ ફેબ્રુઆરી અને ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ | જસાપર તીર્થઃ શ્રી પદમાવતી મહાપુજન સહ શ્રી આદિનાથ દાદા જિનાલયનું ૧૪૮ મું ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી કચ્છ પરજાઉ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટઃ વાર્ષિક સામાન્ય સભાઃ વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુન્જ, મુલુંડઃ બપોરે ૪.00 ક. |
| ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | મોટી સિંધોડી- નેમનાથજી જિનાલય : દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| ૨૮ ફેબ્રુઆરી ૨૫ થી ૦૨ ફેબ્રુઆરી ૨૫ | સાંયરા તીર્થઃ ૧૪૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ |
| 0૧ માર્ચ ૨૦૨૫ | સાંયરા વિકાસ મંડળ આયોજિત સ્નેહમિલનઃ સાંયરા મા |
| તા. ૨૨ માર્ચ ૨૦૨૫ | શ્રી સમસ્ત ક.દ.ઓ.સચ્ચાઇ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઇ માતાજી ની સમુહ પહેડીઃ આર. આર. સભાગૃહ, મહાડા કોલોની, મુલુંડ ઈસ્ટ. |
| 30 માર્ચ ૨૫- 0૨ એપ્રિલ ૨૫ | તેરામાં બિરાજમાન મોતા પરીવારના કુળદેવી શ્રી અંબાઈમાના ભુવા શ્રીનું ચયન તથા ૨૫મી સમુહ પહેડીઃ કચ્છ તેરા. |
| 03 એપ્રિલ ૨૫ થી ૧૩ એપ્રિલ ૨૫ | સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |
| તા. ૧૦ એપ્રિલ થી ૧૨ એપ્રિલ ૨૦૨૫ | લાલપુર મા શ્રી ભલારા દાદા દેવસ્થાને ધ્વજારોહણ સહિત ચૈત્રી મહોત્સવઃ ચૈત્ર સુદ તેરસ થી પુનમ. |
| તા. ૧૦ એપ્રિલથી ૧૨ એપ્રિલ ૨૦૨૫ | જખૌ બિરાજમાન વિકમશી પરીવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજીના ભોઇ મા ના બાના ( ગંધી) બદલીઃ ૧૦.0૨.૨૫ ના તથા પુડસા દાદા ના ભુવા શ્રીની ચયન વિધિ : ૧૦.0૨.૨૫ થી ૧૨.0૨.૨૫ઃ જખૌ સ્થાને. |
| તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ | વારાપધર મા બિરાજમાન શ્રી દાદા ભલારા દેવસ્થાન ના ભોઇ મા ના બાના (ગંધી) બદલી પ્રસંગ. ચૈત્રી પુનમ. |

# શ્રી ભલારા દાદા ભાવિક ગ્રુપ, વરંડી મોટી

**સૌ ભાવિકોને તથા નિયાણીઓને પ્રણામ,**

**વરંડી મોટી સ્થાનકે બિરાજમાન સચ્ચાઈ માતાજી**

**તથા શ્રી ભલારા દાદાની ૧૫ મી સમૂહ પહેડી તથા વાર્ષિક સભાનું આયોજન**

**રવિવાર તા. ૨૩/૦૨/૨૦૨૫**

**સમય : સવારના ૯.૦૦ થી ૧.૦૦ સુધી**

**દાતા પરિવાર :**

**માતુશ્રી ચંદનબેન દેવશી રતનશી લોડાયા તથા**

**માતુશ્રી દમયંતીબેન સોમચંદ ખીમજી લોડાયા પરિવાર વરાડીયા**

**સ્થળ :**

**કુકરેજા મીની હોલ, અનંત સિદ્ધિ સામે ભાંડુપ વેસ્ટ**

**ભાવના - રમઝટ શ્રીઅનંત મિત્ર મંડળ,ભાંડુપ ના સથવારે ....**

**આપ સૌ ભાવિકો, નિયાણી બહેનોને સહ પરિવાર સમયસર પધારવા આમંત્રણ....**

**વિશેષ માહિતી માટે**

**સંપર્ક : હીરેન શાહ (9821183911)**

**અનીશ શાહ (9833511685)**

**ધૈર્ય લોડાયા (9820176421)**

**ખંતીલ લોડાયા (9029549841)**

**લિ. ભલારા દાદા ભાવિક ગ્રુપ,સમિતી**

# પ.પૂ.સાધ્વીશ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા.એ સંયમજીવનના છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ તેરા હાલે રાયપુરના માવિત્ર પ્રભાબેન મહેન્દ્ર લોડાયાના ધર્મ સંસ્કારી સુપુત્રી મુમુક્ષુ મોનિકાબેન સંયમ જીવનના પંથે વિચરણ કરવાના સંકલ્પ સાથે વિક્રમ સંવત ૨૦૭૬ મહાસુદ ૮ તિથિ દિને ચાલીસગામ નગરે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ. નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા. ધારણ કરી ધર્મ ભક્તિ આરાધનાના માર્ગે આગળ વધવાનું પ્રારંભ કર્યું.

આજે સંવત ૨૦૮૧ના મહા સુદ ૮ તિથિ દિને પૂજ્ય સાહેબ ધર્મભક્તિ, તપ, ત્યાગ, આરાધના કરતા સંયમ જીવનના પાંચ વરસ પૂર્ણ કરી છઠ્ઠા વર્ષમાં સફળપણે પ્રવેશ કર્યો છે. આ અવસરે ગુરૂ ભક્તોની શુભભાવનાને મંગલ કામના છે કે સાહેબજી સંયમજીવનના દસક, રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ પાર કરી સર્વોચ્ચ શતક શિખરે બિરાજે. શત શત વંદના.

# ચોપડા નગર સંઘમાં શ્રી મુનિસુવ્રત સ્વામી દાદા જિનાલયનો ૧૮મો ધ્વજારોહણ ઉત્સવ ભવ્યભાવ સંગે ઉજવાયો







મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રદેશના ચોપડા નગર સંઘના શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયનો ૧૮મો ધ્વજારોહણ મહોત્સવ અજોડ શાસન પ્રભાવક ૨૪મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સમારાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં ઉમંગભાઈ ગાલાના સથવારે વિવિધ ધર્મ આરાધનાઓ કરી સંઘના શ્રાવક શ્રાવિકાઓની ભવ્ય ઉપસ્થિતિ અને હર્ષ ઉમંગના ભાવથી સંપન્ન કરાયો.

# રાણપર તીર્થે શ્રી મહાવીર સ્વામી જિનાલયનો ૧૩૩મો ધ્વજારોહણ મહોત્સવ ધર્મભાવ સાથે સંપન્ન





તા.૮ ફેબ્રુઆરી શનિવારના રોજે કચ્છ અબડાસાના રાણપર નગર તીર્થે શ્રી મહાવીર સ્વામી જિનાલયનો ૧૩૩ મો ધ્વજારોહણ મહોત્સવ અવસરે શ્રી અઢાર અભિષેક અને સતર ભેદી મહાપૂજન સહિતની ધર્મ આરાધનાઓ પ.પૂ.મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં વિધિકાર સુરેશભાઈ અને સંગીતકાર કિશોરભાઈના સંગાથે ભવ્યતા ભેર સંપન્ન થઈ.

# સુજાપુર નગરે શ્રી અજિતનાથ સ્વામી જિનાલયે ૧૪૩મો ધ્વજારોહણ મહોત્સવ સાથે નૂતન ઉપાશ્રયનું ખાત મુહૂર્ત કરાયું






કચ્છના અબડાસા પ્રાંતના સુજાપુર નગરે શ્રી અજિતનાથ સ્વામી જિનાલયનો ૧૪૩મો ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે સતર ભેદી પૂજા, ૧૮ અભિષેક સહિત ધર્મ આરાધનાઓ ભાવપૂર્વક કરાઈ.

સાથોસાથ નૂતન ઉપાશ્રયનું ખાત મુહૂર્ત શિલાસ્થાપન સહ શ્રી યંત્ર શુભ મુહૂર્ત મહોત્સવ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ.મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં વિધિકાર કેવલભાઈ સાવલાના સથવારે ઉજવાયો.

# શ્રી નલિયા તીર્થે વસંત પંચમીના મંગલ દિને ધર્મ આરાધનાઓ સાથે ધ્વજારોહણ મહોત્સવ સંપન્ન કરાયો





કચ્છ અબડાસા પંથકના નલિયા નગર તીર્થે રવિવાર, તા.૨ ફેબ્રુઆરી મહાસુદ પાંચમ તિથિ વસંત પંચમીના મંગલ દિને પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી નવકારગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની પાવન મંગલકારી નિશ્રામાં વિધિ વિધાન સાથે સંગીતના સથવારે અઢાર અભિષેક તેમજ ધ્વજારોહણનું ધર્મભાવ આયોજન સંપન્ન થયું.

# શ્રી ક.દ.ઓ.દેવલાલી-નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ દ્વારા પ્રજાસત્તાક દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ



શ્રી કચ્છી દશા ઓસવાલ દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ દ્વારા ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી રાષ્ટ્રપ્રેમની ભાવના જાગૃત કરાઈ.

રવિવાર, તા.૨૬ જાન્યુઆરીના સવારના ૮.૩૦ કલાકે શ્રી સંઘના સભ્યો શુભવસ્ત્રો પરિધાન કરી એકત્ર થયા હતા. રજાનો દિવસ અને ગુલાબી ઠંડીના મોસમ હોવા છતાં દેશ ભક્તિની ભાવના સૌના હૈયે હિલોળા લેતી હતી. જેનો ઉમંગ સર્વેના મનમાં અનેરો હતો.

બરોબર ૯ વાગ્યે પૂ.સાધ્વીજી મહારાજ સાહેબના શ્રી મુખેથી માંગલિક સાંભળીને કાર્યક્રમની શુભ શરૂઆત કરાઈ હતી. શ્રી સંઘના માનદમંત્રી નીતિનભાઈ સાયલાએ ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનો તથા આમંત્રિત મહેમાનો આવકાર આપી પ્રજાસત્તાક દિવસનું મહત્વ સમજાવ્યું હતું.

ત્યારબાદ શ્રી ક.દ.ઓ.દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘના પ્રમુખ મુકેશભાઈ જાદવજી ધરમશીના શુભ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો. ઉપસ્થિત નાસિક જૈન સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ મોમાયાના વરદ હસ્તે શ્રીફળ વધેરી ધ્વજને હારારોપણ કરી ધ્વજવંદનની વિધિવત શરૂઆત કરાઈ. ઉપસ્થિત સર્વે સભ્યોએ એક સાથે એક સૂરમાં રાષ્ટ્રગીત ગાઈને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

શ્રી સંઘના આમંત્રણને માન આપીને નાસિકથી પધારેલા પ્રમુખ મહેન્દ્રભાઈ મોમાયા તથા અન્ય પદાધિકારીઓ એ હાજરી આપી સંઘની શોભા વધારી હતી.

આમંત્રિત મહેમાનો સાથે પોલીસ દળના અધિકારીઓએ હાજરી આપી હતી.

ધ્વજવંદન કાર્યક્રમ કાસા બ્લાંકા પ્રાંગણમાં જ્યારે નવકારશી કલબ હાઉસમાં રાખવામાં આવેલ હતી.

ઉપસ્થિત સર્વેને નવકારશીમાં લિજ્જતદાર ભાવતી વાનગીઓ પીરસવામાં આવી હતી. નવકારશીના લાભાર્થી મુકેશભાઈ જાદવજી ધરમશી પરિવાર હતા. આશરે ૧૦૦ થી ૧૨૫ સભ્યોની હાજરી દેવલાલી નગરના સભ્યોના અદમ્ય ઉત્સાહની ગવાહી આપતી હતી.

૯૦ વર્ષથી વધુ વયની ઉંમરે ઉત્સાહી વડીલ રમેશભાઈ હીરાચંદ ભાટેની હાજરીની ખાસ નોંધ લેવામાં આવી હતી. જે આવનારી પેઢી માટે આદર્શ ઉદાહરણ સમાન રહી હતી. આશરે ૨/અઢી કલાકનો કાર્યક્રમને માણી સૌ છુટા પડ્યાં હતાં.



# શ્રી ક.દ.ઓ.દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ આયોજિત આગામી કાર્યક્રમ ત્રિદિવસીય પર્યટનનો

ઠંડીની ફૂલ ગુલાબી મોસમની વિદાય અને વસંત ઋતુને આવકારતો નિસર્ગ રમ્ય સ્થળની મુલાકાત લેવી જરૂરી છે. આ નિર્ધારને સાકાર કરવા શ્રી કચ્છી દશા ઓસવાલ દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ તા.૨૨ થી ૨૪ ફેબ્રુઆરી સુધીના ત્રણ દિવસ અને બે રાત્રિ નયન રમ્ય હિલ સ્ટેશન મહાબળેશ્વરના સાંનિધ્યમાં આનંદની પળો માણવાનો પ્રોગ્રામ નક્કી કરેલ છે. સંઘના સભ્યો સંઘના દરેક કાર્યક્રમમાં અનન્ય સાથ સહકાર આપી સંઘને મજબૂત બનાવી રહ્યાં છે. સબકા સાથ સંઘકા વિકાસની ભાવના અને એકજૂટ હોવાની તાકાત દર્શાવી સહયોગ આપતા સૌ સભ્યોની અનુમોદના.

પર્યટન પ્રવાસની વિગત વાતાનુકુલીત એસી બસ પ્રવાસ. અદ્યતન સુખ સુવિધાવાળી હોટલમાં મુકામ. ભાવતા ભોજન રસથાળ. નિસર્ગરમ્ય સ્થળોની મુલાકાત, સાંસ્કૃતિક કાર્યક્રમની રમઝટ ભરી પ્રસ્તુતિ કલાકાર સભ્યોની સાથે.

વ્યવસ્થા જાળવવા જોડાવવા ઈચ્છુક સભ્યોએ પોતાના નામ વહેલા તે પહેલાના ધોરણે જલદી નોંધાવી લેવા. સંપૂર્ણ પર્યટનનો ખર્ચ રાહત દરે ફક્ત રૂા.૩૬૦૦ વ્યક્તિ દીઠ નક્કી કરેલ છે. જે નામ લખાવતી વખતે આપવાના રહેશે. નામ લખાવવા સંપર્ક પદમભાઈ મોતા-૯૩૨૧૧૦૧૨૦૧, નીતિનભાઈ સાયલા-૯૮૨૧૦૩૨૨૪૨, ધીરજભાઈ દંડ-૯૮૧૯૦૮૫૮૮૦. પર્યટન પ્રવાસ વિષેની માહિતીની જાણ શ્રી સંઘના વોટસઅપ ગ્રુપમાં કરવામાં આવશે. ઉપરોક્ત પર્યટનનું આયોજન દેવલાલી નાસિક રોડ મધે વસતા કેડીઓ જૈન સમાજ માટે રાહત ભાવે કરવામાં આવેલ છે. સમય સંજોગને અનુલક્ષીને આયોજનમાં ફેરફાર કરવાનો અધિકાર શ્રી સંઘના કમિટીને રહેશે. એવું સંઘ પ્રમુખ મુકેશભાઈ જાદવજી ધરમશી દ્વારા જણાવાયું છે.

## પ.પૂ.સાધ્વીશ્રી નેમીગુણાશ્રીજી મ.સા.એ સંયમજીવનના ૪ થા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૭૮ મહાસુદ ૧૦ તિથિ દિને કચ્છ ભુજપૂરના માવિત્ર માતુશ્રી વનિતાબેન રાઘવજીભાઈ મોતાના ધર્માનુરાગી પુત્રી સંયમજીવન માર્ગે ચાલવાના સંકલ્પ સાથે શંખેશ્વર તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી જિનેશ્વર ગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા બની મોક્ષ માર્ગના પ્રવાસ પ્રારંભ કર્યો.

આજકાલ કરતાં વિક્રમ સંવત ૨૦૮૧ના મહાસુદ ૧૦ તિથિ દિને સંયમ જીવનના ૩ વર્ષ પૂર્ણ કરી ૪થા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે ગુરૂભક્તોની સદ્‌ઈચ્છા છે કે પૂજ્ય સાહેબ સંયમજીવનમાં આગળ વધતા દસક રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ પાર કરી શતક શિખરે બિરાજે એવી મંગળ કામના શુભકામના.

## પ.પૂ.સાધ્વીશ્રી જિનગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૩૮ વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ ગામ જખૌના માવિત્ર માતુશ્રી કાન્તાબાઈ જીવરાજ મૈશેરીના ધર્મ સંસ્કારી સુપુત્રી વિક્રમ સંવત ૨૦૪૪ મહાસુદી ૧૦ તિથિ દિને પાલીતાણા તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી રતનશ્રીજી મ.સા.ના શિષ્ય તરીકે સંયમ જીવન પથનો પ્રવાસ પ્રારંભ કર્યો.

ધર્મ, તપ, ત્યાગને માર્ગે આગળ વધતાં પૂજ્ય સાહેબ આજે વિક્રમ સંવત ૨૦૮૧ મહાસુદી ૧૦ તિથિ દિને સંયમ જીવનના ૩૭ વર્ષ સફળ પણે પૂર્ણ કરી ૩૮ વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. આ અદ્‌ભૂત અવસરે ગુરૂભક્તોની મંગલ કામના છે કે પૂજ્ય શ્રી અખંડપણે આગળ વધતા રહી. સુર્વણ, હીરક અને અમૃત વર્ષથી આગળ સર્વોચ્ચ શતક વર્ષના શિખરે બિરાજે એ શુભકામના, સદ્‌ઈચ્છા. શત શત વંદના.

# ખામગામ સંઘમાં આ.ભ.પ.પૂ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.નું ભાવ સભર આગમન થયું







મહારાષ્ટ્રના ખાનદેશ પ્રાંતના ખામગામ નગર સંઘની પાવન ધરાએ આદિનાથ દાદાના દિવ્ય સાંનિધ્યમાં સજોડ શાસન પ્રભાવક ૨૪ મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર પંચપ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્ર સાગરસૂરિશ્વરજી મ.સા.નું વાજતે ગાજતે આગમન થયું. પૂજ્ય સાહેબનું ઉમળકાથી સામૈયું કરાયું. ત્યાર પશ્ચાત આત્માનું કલ્યાણ કરતી સાહેબ દ્વારા કથિત જિનાવાણીથી સૌ ધન્ય ધન્ય થયાં હતા.

પૂજ્ય સાહેબજી વર્ષીતપના કઠીન તપ છતાં ગામે ગામ વિચરણ કરી ધર્મદાન કરતાં જે અદ્‌ભૂત શાસન પ્રભાવના કરે છે એ જોઈ સાંભળી સૌ નત મસ્તક થઈ જાય છે અને અહોભાવ અનુભવે છે. સાહેબજીના આગમનથી ખામગામ સંઘ ધન્ય થયું છે.

# ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦માં સાંયરા ગાંધીધામ દ્રષ્ટિ ચિરાગ મોમાયાની ઝોનલ રાઉન્ડ માટે પસંદગી થઈ



વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને ગણિતમાં અભિરૂચિ કેળવાય અને જ્ઞાન વધે તે માટે ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦નું આયોજન કરાયું હતું. જેમાં કચ્છના દરેક તાલુકામાંથી ટોપ ૪ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ આદિપુરમાં દસમાં ધોરણમાં અભ્યાસ કરતી સાંયરા ગાંધીધામની દ્રષ્ટિ ચિરાગ મોમાયાની ભુજ ખાતે યોજાયેલી ઝોનલ રાઉન્ડમાં પસંદગી થઈ હતી. ત્યારબાદ તા.૧ ફેબ્રુઆરી શનિવારના સાયન્સ સિટી અમદાવાદ ખાતે નેશનલ લેવલની ગ્રાન્ડ ફિનાલેમાં ટોપ ૧૦૦ વિદ્યાર્થીઓની ટીમ વિજેતા થઈ જેમાં દ્રષ્ટિ મોમાયા સામેલ છે. આ સિધ્ધિ બદલ દ્રષ્ટિ મોમાયાને હાર્દિક અભિનંદન.

# માઈક્રોફિનીશ ગ્રુપના ચેરમેન તિલક વિક્રમશી તરફથી અક્ષય પાત્ર ફાઉન્ડેશનને અત્યાધુનિક રોટલી મશીન દાનમાં અપાયું



શાળાના વિદ્યાર્થીઓમાં ભૂખ અને પોષણની કમીને દૂર કરવા માટેના એક મહત્વના પગલાં રૂપે માઈક્રોફિનીશ ગ્રુપના ચેરમેન તિલક વિક્રમશી દ્વારા અક્ષય પાત્ર ફાઉન્ડેશનને અત્યાધુનિક રોટલી બનાવવાનું મશીન ભેટ રૂપે આપ્યું હતું. હાલમાં હુબલીમાં અક્ષય પાત્ર ફાઉન્ડેશન દ્વારા શરૂ થયેલ કીચનનું તિલક વિક્રમશી દ્વારા ઉદ્‌ઘાટન કરાયું હતું.

દાનમાં અપાયેલ આ રોટલી બનાવવાનું મશીન અક્ષય પાત્ર ફાઉન્ડેશનને પીએમ પોષણ-મિડડે મીલ-મધ્યાન આહાર કાર્યક્રમના મેનુના ભાગ રૂપે રોટલીનો સમાવેશ કરવામાં સક્ષમ બનાવશે. જેને લીધે કર્ણાટક રાજ્યના ધારવાડ જિલ્લામાં ૮૦૦ થી વધુ સરકારી અને સરકાર અનુદાનિત શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને એનો લાભ પહોંચશે.

આ દાન ટકાઉ સામાજિક પહેલને પ્રોત્સાહન આપવા માટે કોર્પોરેટ ભાગીદારીની મહત્વપૂર્ણ ભૂમિકા ઉપર ભાર મૂકે છે. તિલક વિક્રમશી સંચાલિત માઈક્રોફિનીશ ગ્રુપનું આ યોગદાન તેમની સામાજિક જવાબદારી નિર્વહન પ્રત્યેની તેમની લાંબા સમયથી ચાલતી પ્રતિબધ્ધતાને સંરેખિત કરે છે. જે અન્ય લોકોને માટે આ બાબતે જોડાવવા માટે પ્રેરણા આપશે.

આ અવસરે બોલતા તિલકભાઈ વિક્રમશીએ કહ્યું હતું કે તેમની હૃદયની નજીકના કાર્યમાં યોગદાન આપવા બદલ મને આનંદ થયો છે. આજના બાળકો આપણા રાષ્ટ્રનું ભવિષ્ય છે અને તેમના પોષણની જવાબદારી રાખવી એ આપણી સૌની સહિયારી જવાબદારી છે. જેને નિભાવવામાં પાછી પાની કરવી ન જોઈએ.

અક્ષય પાત્રને વર્ગ ખંડમાં બાળકોની પૂરતી હાજરી રહે અને બાળકોના જીવનમાં સુધારો લાવવા બદલ દાતાનું ભાવપૂર્વક સન્માન કરાયું હતું. અક્ષયપાત્ર ફાઉન્ડેશન હુબલીના પ્રમુખ રાજીવ લોચન દાસએ રોટલી મેકર મશીનની આ ઉદાર મદદને બિરદાવી હતી. આનાથી અમને વધુ કાર્યક્ષમતા સાથે આરોગ્યપ્રદ ભોજન પીરસવા માટે મદદરૂપ થશે. વિક્રમશીની ઉદારતા ભરી લાગણી અને સમાજને કોઈ પણ રીતે પાછો આપવાની ભાવના તથા બાળકોનો પોષણની ચિંતા કરવાની કાળજી બદલ ભરપૂર સરાહના કરી આભાર વ્યક્ત કર્યો હતો.

---


# ૬૮ મી SGF તેલંગાણા સ્ટેટ સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં તત્વિકા લોડાયાએ બે મેડલ મેળવ્યા



૬૮મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા તેલંગણા સ્ટેટ સ્કેટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫માં વારાપધ્ધર-હૈદ્રાબાદની કુ.તત્વિકા ભાવેશ મણિલાલ લોડાયાએ ૧૦૦૦ મીટર કવાડ રિંકમાં સિલ્વર મેડલ અને ૫૦૦ મીટર કવાડ રિંક ઈવેન્ટસમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

સ્કેટિંગમાં પોતાની પ્રતિભા કૌસલ ઝળકાવનાર તત્વિકા લોડાયાને પ્રાપ્ત કરેલ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન સાથો સાથ ભવિષ્યની ઉજ્વલ કારકિર્દી માટે લાખેણી શુભેચ્છા.

# સંજીવની કેસ નં.૧૭૨ માટે જરૂરી રકમ રૂા.૨.૦૨ લાખ માટે ક્રાઉડ ફંડિગ શરૂ છે




વરાડિયા-ડોંબિવલીના ૪૪ વર્ષીય પરેશ લખમશી ખોના LCS લમ્બર કેનાલ સ્ટેનોસિસ સાથે L-4, L-5 ડિસ્ક હર્નિએશનથી પીડિત છે. છેલ્લા પાંચ-છ વર્ષથી પીઠના દુઃખાવાથી પીડાય છે. તેમણે બહુ વિધ ડૉક્ટરોની સલાહ લીધી. બેડરેસ્ટ સાથે દવાઓ લીધી છે. પણ સર્જરી કરવી એજ એક માત્ર ઈલાજ છે. થાણાના ગાર્મેન્ટ સ્ટોરમાં સ્થાયી નોકરી કરે છે. પત્ની ગૃહિણી છે. બે બાળકો અભ્યાસ કરે છે.

ગાર્મેન્ટ સ્ટોરમાં સતત ઉભા રહેવાને લીધે તેઓ રેડિયેટીંગ પીડાનો અનુભવ કરે છે. તેમને L-4, L-5 VBE એક પક્ષીય બાય પોર્ટલ એન્ડસ્કોપી કરી સ્પાઈનલ ફ્યુઝન સર્જરીની સલાહ અપાઈ છે.

મેડિકલ પોલિસી છે. જે સર્જરી ખર્ચાને માટે અપૂરતી છે. આ માટે આંશિક જરૂરિયાત રૂા.૨,૦૧૮૫૦ ની મદદ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે મદદ અરજી કરી છે.

કપરી પરિસ્થિતિમાં મૂકાઈ ગયેલા પરેશભાઈ ખોનાને મદદરૂપ થઈ એ અને માનવતાનો સાદ આપીએ. આ માટે ઉદારપણે સહાયરૂપ થવા જ્ઞાતિના દાતા શ્રેષ્ઠીઓને હાર્દિક અપીલ છે.

# પ.પૂ.સાધ્વીશ્રી માંગલ્યગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૪થા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ લાલા ગામના માવિત્ર ખ્યાતિબેન રાજેશભાઈ મૈશેરીના ધર્મસંસ્કારી પુત્રી વિક્રમ સંવત ૨૦૭૮ના મહાસુદ ૧૩ તિથિ દિને ડોંબિવલી નગરે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂમાત પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી માંગલ્યગુણાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનના વિકટ પથ પર વિચરણ કરવાનું શરૂ કર્યું.

આજ-કાલ કરતાં એક બે ત્રણ કરતાં આજે વિક્રમ સંવત ૨૦૮૧ના મહાસુદી ૧૩ તિથિ દિને સાહેબજી સંયમ જીવનના ૩ વર્ષ પૂર્ણ કરી ૪થા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ મંગલ દિને ગુરૂભક્તોની મંગલ કામના છે કે તેઓ દસક, રજત, હીરક, અમૃત વર્ષને પાર કરી સર્વોચ્ચ શિખર રૂપ શતક વખર્ષના શિખરે બિરાજમાન થાય. શત શત વંદના.

# લાલા ગામે શ્રી ચંદ્રપ્રભ દાદા જિનાલયનો ૧૧૮ મો ધ્વજા મહોત્સવ ભક્તિ ભાવ સાથે ઉજવાયો














તા.૧ ફેબ્રુઆરી શનિવાર અને તા.૨ ફેબ્રુઆરી રવિવારના કચ્છના લાલા ગામે શ્રી ચંદ્રપ્રભ દાદા જિનાલયના ૧૧૮ મા ધ્વજા મહોત્સવનો પ્રોગ્રામ વસંત પંચમીના પાવન દિને ભક્તિ ભાવ સાથે પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનાસાગરજી મ.સા.ની પરમ નિશ્રામાં અને ધ્વજાના લાભાર્થી માતુશ્રી પુનબાઈ લીલાધર વેલજી નાગડા પરિવાર તથા વિધિકાર સુરેશભાઈ અને સાથી સંગીતકાર કિશોરભાઈ તેમજ સાથી કલાકારોના સથવારે હર્ષોલ્લાસથી પૂર્ણ થયો.

# શ્રી ક.દ.ઓ.જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ જામનગરના નવા મકાનનું ભૂમિપૂજન તથા ખાતમુહૂર્ત સોમવાર તા.૨૪ ફેબ્રુઆરીના રોજ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ જામનગર તરફથી સર્વેને જણાવતા હર્ષ અનુભવે છે કે જામનગર સ્થિતિ નવા મકાનનું ભૂમિપૂજન તેમજ ખાત મુહૂર્તનો કાર્યક્રમ તા.૨૪ ફેબ્રુઆરી સોમવારના રોજ સવારે ૧૦.૧૫ કલાકે રાખેલ છે. આ કાર્યક્રમ દાતા પરિવારો, ટ્રસ્ટીઓ તેમજ જ્ઞાતિજનોની હાજરીમાં હર્ષોલ્લાસ સાથે કરવામાં આવશે. સર્વે જ્ઞાતિજનોને આ ભવ્ય પ્રસંગે પધારવાનું હાર્દિક આમંત્રણ. શ્રી ક.દ.ઓ.જૈન સહાયક સમિતિ ટ્રસ્ટવતીથી માનદ્‌મંત્રી સુનિલ માણેકજી લોડાયા તથા બિપિન પાર્શ્વીર નાગડા તેમજ બાંધકામ સમિતિ કન્વીનર પંકજ કેશવજી ધરમશી તરફથી છે. ભૂમિપૂજન તથા ખાત મૂહૂર્તના લાભાર્થી પરિવારો ડૉ. બિપિન પુષ્પાબેન પાર્શ્વીર નાગડા પરિવાર ગામ રંગપુર હાલે મુલુંડ તથા માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર ગામ સેવક ભરૂડિયા હાલ મુલુંડ.

કાર્યક્રમ સવારે ૮ થી ૯ નવકારશી, સવારે ૧૦.૧૫ કલાકે, ભૂમિ પૂજન બપોરે ૧૨ થી ૧.૩૦ કલાકે સાધર્મિક ભક્તિ.

ખાસ નોંધ : નવા અતિથિ ભવનના ઉદ્‌ઘાટન સુધી સેનેટોરિયમની વ્યવસ્થા બંધ રહેશે. જેની જ્ઞાતિજનોએ નોંધ લેવી.

સર્વે જ્ઞાતિજનોએ સંસ્થાની નવી બેંક ડિટેલ નોંધી લેવી.

બેંક એકાઉન્ટ : Shree KDO SAHAYAK SAMITI TRUST,
BANK : BANK OF INDIA, BRANCH : TAMBE NAGAR, MULUND (WEST).
A/C. NO. 325110100026801 IFSC CODE : BKID0000097

દાતાશ્રીઓ ઉપરના બેંક એકાઉન્ટમાં રોકડા-ચેક ઓનલાઈન ભંડોળ ટ્રાંસફર કરી શકે છે. જેની જાણકારી રકમ ભર્યા બાદ પ્રમોદભાઈ ત્રિવેદી-૯૮૭૯૭૯૦૭૪૮ ઉપર આપવા વિનંતી.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન જામનગરને શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ તરફથી શુભેચ્છા સંદેશ

રવિવાર, તા.૨૪ ફેબ્રુઆરીના સવારે ૧૦.૧૫ કલાકે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન જામનગર દ્વારા પ્રગતિ અને વિકાસના હરણફાળ પગલા રૂપે સુવિધાજનક નવા મકાનનું ભૂમિપૂજન સહ ખાત મુહૂર્ત કરવા નિર્ધારિત કરેલ છે.

ગુજરાતના સર્વે કચ્છી દશા ઓસવાલ મહાજનોમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જામનગર મહાજન આગવું અને અવલ નંબરે છે.

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન જામનગરને નવા વાસ્તુ મકાનના ભૂમિપૂજન પ્રસંગે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમ તરફથી શુભેચ્છા તથા મહાજનના પદાધિકારીઓ તથા દાતા પરિવારની ઘણી ઘણી અનુમોદના કરે છે. આગળ વધો અને આગળ વધતા રહો. અને જ્ઞાતિહિતના કાર્યો અવિરત કરતાં રહો એવી શુભકામના સાથેનો શુભ સંદેશ મુકેશ માણેકજી લોડાયા સેક્રેટરી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમ તરફથી અપાયો છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

## નલિયા નગરે બિરાજમાન ધરમશી ગૌત્રના કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા ભાવિકો જોગ સંદેશ

નલિયા નગરે બિરાજમાન ધરમશી ગૌત્રના કુલદેવી શ્રી અંબે માતાજીને નમતા પરિવારો, ભાવિકોને સહર્ષ જણાવવાનું કે ચૈત્ર સુદી ૧૨ અને ૧૩ તા. ૯ એપ્રિલ બુધવાર અને ગુરૂવાર તા.૧૦ એપ્રિલ ૨૦૨૫ના બે દિવસના પ્રોગ્રામનું આયોજન નલિયા સ્થાનકે કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ ૧૨ તા.૯ એપ્રિલ બુધવારના સવારના શાંતિ હવન અને ચૈત્ર સુદ ૧૩ના તા.૧૦ એપ્રિલ ગુરૂવારના સવારના ચડતે પહોરે શ્રી પુડશાદાદાના ભૂવાશ્રીની બાના-ગંધી બદલાવવાનું વિધાન અને શ્રી અંબે માતાજી, શ્રી ખેતરપાળ દાદા, શ્રી પુડશાદાદાના જુહાર પહેડી પ્રસાદ.

વધુ માહિતી માટે સંપર્ક દિપેશ-૯૯૩૦૦૩૯૮૮૮, ખુશ્બૂબેન આશિષ ધરમશી-૯૭૬૫૭૧૬૧૫૧

## તેરા તીર્થે શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલયનો ધ્વજારોહણ સંપન્ન







અબડાસાની મોટી પંચતીર્થીના ઐતિહાસિક તેરા તીર્થના શ્રી શામળીયા પાર્શ્વનાથ તથા શ્રી જીરાવલ્લા જિનાલયનો ધ્વજારોહણ પ્રસંગે ૧૮ અભિષેક સહિતની ધર્મ આરાધનાઓ ભવ્ય ભાવ સાથે કરી ધ્વજારોહણ ઉમંગ ઉત્સાહથી સંપન્ન થયો.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ભારતીબેન લોડાયા**
તા.૨ ફેબ્રુઆરી (ઉ.૭૮)
જખૌ-અમલનેર



**મીનાબેન લાલકા**
તા.૪ ફેબ્રુઆરી
વારાપધર-ગુદાધિ



**ચી. દિવ્ય લાલકા**
તા.૮ ફેબ્રુઆરી (ઉ.૪)
બાંડીયા-ડોંબિવલી



**પ્રભાબેન વોરા**
તા.૮ ફેબ્રુઆરી (ઉ.૮૫)
બારોઈ



**દિપાલીબેન લુઢિયા**
તા.૮ ફેબ્રુઆરી (ઉ.૫૦)
રવા-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● પ્રવાસન ક્ષેત્રે કચ્છ હરણ ફાળ ભરી રહ્યું છે. ક્ષેત્રફળની દ્રષ્ટિએ દેશના સૌથી મોટા જિલ્લા કચ્છમાં દરિયો, ડુંગર અને રણના ત્રિવેણી સંગમની સાથે અનેક ધાર્મિક સ્થાનકો પ્રવાસીઓને કચ્છમાં આવવા આકર્ષે છે. વન વિભાગ દ્વારા નારાયણ સરોવરના બાજુમાં આવેલા ઉજ્જડગામ ઘુણઈની સીમમાં કરોડોના ખર્ચે સફારી પાર્કનું નિર્માણ કરાયું છે. જેમાં પાવાગઢથી સાત જેટલા દીપડા-નરને લાવવામાં આવ્યા છે. અને પાંચ જેટલા દીપડાં જામવાડા જિલ્લા ભાવનગરથી અત્રે લાવવાની પ્રક્રિયા વન વિભાગ દ્વારા હાથ ધરાઈ છે. આ સફારી પાર્કમાં આર.સી.સી.વાળું એક ગોળાકાર બાંધકામ કરવામાં આવ્યું તે સાથે તેર જેટલા પાક્કા પિંજરાનું નિર્માણ કરાયું છે. આ પિંજરામામાં સાત દીપડાને મૂકવામાં આવ્યા છે. નવાંગતુક દીપડાઓ લખપતના સમુદ્ર કિનારાવાળી આબોહવાની ફાવટ આવતા વાર લાગશે પણ ધીમે ધીમે તે સેટ થઈ જશે.

● પશ્ચિમ કચ્છના મુખ્ય મથક નખત્રાણામાં ૬૦ ટકા વસ્તી તો આજુબાજુ ગામના લોકો અને અને દુકાન વ્યવસાય ધરાવતા ગામના લોકોની છે. જેમાં સરકારી કર્મચારીઓ, જુદી જુદી કચેરીઓના અમલદારો છે. શહેરની વસતીમાં એકાએક વધારો થવાથી રેસિડેન્સી એપાર્ટમેન્ટ પણ બની રહ્યાં છે. નગરપાલિકાનો દરજ્જો મેળવેલ નખત્રાણાના ચૌમુખી વિકાસમાં ધારાસભ્ય અને સંસદ સભ્યનું યોગદાન મોટું હોવાનું જાણકારોએ કહ્યું હતું. સુપર માર્કેટ ઉપરાંત સ્પેરપાર્ટ, હાર્ડવેર મશિનરી, મોટર રીવાઈડિંગની દુકાનો સાથે વિશ્વકર્મા માર્કેટ, ઓ.સી.પી.માર્કેટ બની છે. ટ્રાન્સપોર્ટ વ્યવસાય અને ખેતીવાડી વ્યવસાયે નખત્રાણાના વેપાર ધંધાને ઊંચાઈએ લઈ જવામાં મોટું યોગદાન આપ્યું છે.

● અબડાસામાં મુખ્યત્વે કપાસ તથા ઘઉંનું વાવેતર થાય છે. પરંતુ થોડા સમયથી કપાસમાં નુકસાનીના પગલે ખેડૂતો દ્વારા વાલની ખેતીનો નવતર પ્રયોગ કરાયો છે. આ વર્ષે અબડાસાના કોઠારા, જખૌ, આમરવાંઢ, બિટ્ટા, કનકપર, રામપર વિગેરે ગામોના ૩૦૦ એકરમાં વાલની ખેતી કરી છે. વાલના વાવેતર બાદ છ મહિને તેનું ઉત્પાદન થાય છે. એક એકરમાં એક હજાર કિલો જેટલું ઉત્પાદન થતું હોવાનું ખેડૂતોની ધારણા છે.

● થાઈલેન્ડ ખાતે રમાઈ રહેલ એશિયન સ્કૂલ એસ ચેમ્પિયનશિપમાં કાઠડા-તાલુકો માંડવીના વિદ્યાર્થી વીરભદ્ર સિંહ મહેન્દ્ર સિંહ ગઢવીએ છેલ્લા રાઉન્ડમાં ૪૪૮ થી વધુ રેટિંગ ધરાવતા ચીનના ખેલાડીને પછાડી ત્રીજું સ્થાન મેળવી કાંસ્ય ચંદ્રક હાંસિલ કરી ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

● મુંબઈ ખાતે ઈન્ડિયાસ ગોટ ટેલેન્ટ શોમાં માધાપરના સ્ટેન્ડ અપ કોમેડિયન કુશલ જયેશભાઈ ભાનુશાલીએ પોતાની પ્રતિભાથી કચ્છનું નામ રોશન કર્યું હતું. કુશલ ભાનુશાલીને આંખની દ્રષ્ટિ સ્પષ્ટ ન હોવા છતાં પોતાના કોમિક ટાઈમિંગથી પ્રસિદ્ધ કોમેડિયન ભારતી સિંઘ સહિત પ્રેક્ષકો, જજ-જ્યુરીને મંત્રમુગ્ધ કર્યા હતા. પ્રેક્ષકો તથા જજ તરફથી તેના પર્ફોર્મને દાદ આપી. સ્ટેન્ડિંગ ઓવેશન આપી વિજેતા જાહેર કરાયા હતા. પોતાની ખામી ખોડ આંખની દ્રષ્ટિ સ્પષ્ટ ન હોતાં તેણે બાળકોને આંખોની દ્રષ્ટિ સાચવવા મોબાઈલથી દૂર રહેવાનો સંદેશો કોમિક્સ સાથે આપી સૌને પ્રભાવિત કર્યા હતા.

● છેલ્લાં ૨૪ વર્ષથી ભૂજથી કાળા ડુંગર સ્થિત દત ભગવાનની જયંતિની ઉજવણીના ભાગરૂપે શરૂ થયેલી પદયાત્રાનો શહેરના સરપટ નાકા પાસે આવેલા ભૂલેશ્વર મંદિરેથી ધ્વજ લહેરાવીને પ્રારંભ થયો હતો. દત જયંતિ ઉત્સવ સમિતિ કચ્છ અને સીમા જનકલ્યાણ સમિતિ ગુજરાતના નેજા હેઠળ તેમજ વિવિધ સંસ્થા અને દાતાઓના સહયોગથી યોજાતી પદયાત્રા એ સરહદની સુરક્ષા સરહદ ગાજતી રહે અને દુશ્મન દેશના નાપાક ઈરાદા સફળ ન થાય તેવી રાષ્ટ્ર ભાવનાથી શરૂ થયેલી પદયાત્રા આગામી વર્ષે ૨૫મા વર્ષે પ્રવેશશે. ત્યારે વિશેષ આયોજનની નેમ વ્યક્ત કરાઈ હતી.




insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA